


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 306 | AD - 2025, Sravan Sud-15 | Saturday, Dt.09-08-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બેંગલુરુમાં ચૂંટણી પંચ અને ભાજપ પર હુમલો કર્યો

## રાહુલ ગાંધીનો આરોપ : દેશમાં મતોની ચોરી થઈ રહી છે

બેંગ્લુરૂ,તા.૮

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ચૂંટણીમાં મત ચોરીનો અણુબોમ્બ ફોડ્યાના બીજા દિવસે બેંગલુરુમાં ચૂંટણી પંચ અને ભાજપ પર હુમલો કર્યો. રાહુલ ગાંધીએ મત ચોરીને બંધારણ સાથે વિશ્વાસઘાત ગણાવ્યો. શુક્રવારે બેંગલુરુમાં કોંગ્રેસની રેલીમાં રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર, હરિયાણા અને કર્ણાટકની ચૂંટણીમાં ગેરરીતિઓના પોતાના આરોપોનું પુનરાવર્તન કર્યું. તેમણે કહ્યું કે સમગ્ર દેશમાં મત ચોરી થઈ રહી છે અને બંધારણ પર હુમલો કરનારાઓને બક્ષવામાં આવશે નહીં. સત્ય છુપાવી શકાતું નથી. ભાજપની વિચારધારા પોતે બંધારણની વિરુદ્ધ છે, પરંતુ અમે બંધારણને બચાવીશું. આજે, જ્યારે ભારતના લોકો અમારા ડેટા અંગે ચૂંટણી પંચની વેબસાઈટ પર પ્રશ્નો પૂછી રહ્યા છે, ત્યારે ચૂંટણી પંચે તેની વેબસાઈટ બંધ કરી દીધી છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, બિહારની વેબસાઈટ બંધ કરી દેવામાં આવી છે. અમારી માંગણી છે કે ચૂંટણી પંચ અમને આખા દેશની ઈલેક્ટ્રોનિક મતદાર યાદી આપે. જો તેઓ અમને તે આપે, તો અમે સાબિત કરીશું કે ફક્ત એક જ બેઠક ચોરાઈ નથી. ફક્ત કર્ણાટકમાં જ નહીં, આખા ભારતમાં બેઠકો ચોરાઈ છે. કાગળોની આટલી મોટી ફાઈલ હતી. એક ફોટાની સરખામણી લાખો ફોટા સાથે કરવામાં આવી છે. દરેક નામની તપાસ કરવામાં આવી છે. અમારું માનવું છે કે ભારતનો આખો ડેટા પુરાવો છે.



અને જો કોઈએ તેનો નાશ કર્યો છે, તો તે લોકશાહીનો નાશ કરી રહ્યા છે. એક બેઠકનું સત્ય શોધવામાં અમને છ મહિના લાગ્યા, તેથી જો ચૂંટણી પંચ અમને ડેટા નહીં આપે, તો અમે ઘણી બેઠકો પર આ કામ કરી શકીએ છીએ. અમારી પાસે કાગળો અને નકલો છે. તમે છુપાવી શકતા નથી. એક યા બીજા દિવસે તમારે વિરોધનો સામનો કરવો પડશે. દરેક અધિકારી અને ચૂંટણી કમિશનરે આ વાત સારી રીતે સમજવી જોઈએ. રાહુલે કહ્યું કે ચૂંટણી પંચે જવાબ આપવો પડશે કે આ ગેરરીતિઓ શા માટે અને કોણે કરી. રાહુલે ફરીથી મધ્ય બેંગલુરુની મહાદેવપુરા બેઠક પર મત ચોરીનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં અખિલ ભારતીય ગઠબંધનના મતો ઘટ્યા નથી, તેને લોકસભા ચૂંટણીમાં જેટલા જ મત મળ્યા હતા. પરંતુ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં એક કરોડ નવા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. આ એક કરોડ લોકોએ લોકસભા ચૂંટણીમાં મતદાન કર્યું ન હતું. વિપક્ષી ગઠબંધન લોકસભા ચૂંટણી જીત્યું, પરંતુ ચાર મહિના પછી ભાજપ વિધાનસભા ચૂંટણી જીતી ગયું. ચૂંટણી પંચ અને ભાજપે સાથે મળીને લોકસભા ચૂંટણી છીનવી લીધી છે. રાહુલ ગાંધીએ ફરીથી ચૂંટણી પંચને તીખા પ્રશ્નો પૂછ્યા છે. 'મત અધિકાર રેલી'માં, કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે અમે ભારતના બંધારણનું રક્ષણ કર્યું છે. બાબા સાહેબ આંબેડકરજી, મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ અને સરદાર પટેલના અવાજો ભારતના બંધારણમાં ગુંજે છે. તેમાં બસવન્ના, નારાયણ ગુરુ અને ફૂલેજીનો અવાજ પણ ગુંજે છે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે આપણું ભારતનું બંધારણ દરેક વ્યક્તિને મતદાનનો અધિકાર આપે છે. મહારાષ્ટ્રમાં, ઈન્ડિયા ગઠબંધન લોકસભા ચૂંટણી જીતે છે, પરંતુ ૪ મહિના પછી ભાજપ રાજ્યમાં વિધાનસભા ચૂંટણી જીતે છે. તે આઘાતજનક હતું.

## અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કરેલા ટેરિફના દુરૂપયોગ મામલે ભારતને ચીનનો ટેકો

નવીદિલ્હી,તા.૮

ટેરિફના મુદ્દા પર અમેરિકાની મનસ્વીતા સામે ભારતને ચીનનો ટેકો મળ્યો છે. ચીને કહ્યું છે કે અમેરિકા સરકાર દ્વારા ટેરિફનો દુરુપયોગ થઈ રહ્યો છે અને તેનો અમારો વિરોધ સ્પષ્ટ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારત પર વધારાના ૨૫ ટકા ટેરિફ લાદવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે. ત્યારબાદ અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલ કુલ ટેરિફ વધીને ૫૦ ટકા થઈ ગયો છે.



જ્યારે ચીનનો આ અંગે જવાબ માંગવામાં આવ્યો ત્યારે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને કહ્યું કે 'ટેરિફના દુરુપયોગ સામે ચીનનો વિરોધ સાચો અને સ્પષ્ટ છે.' ભારતે અમેરિકાના ટેરિફ લાદવાના નિર્ણયનો સખત વિરોધ કર્યો. ભારતે એક સત્તાવાર નિવેદનમાં કહ્યું કે અમેરિકાનું આ પગલું અન્યાયી, મનસ્વી અને ગેરવાજબી છે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે 'એ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે જ્યારે ઘણા અન્ય દેશો પણ તેમના રાષ્ટ્રીય હિતમાં આવા પગલાં લઈ રહ્યા છે ત્યારે અમેરિકાએ આવા પગલાં માટે ભારત પર વધારાની ડ્યુટી લાદવાનો નિર્ણય લીધો છે. અમે પુનરાવર્તિત કરીએ છીએ કે આ પગલાં અન્યાયી, મનસ્વી અને ગેરવાજબી છે. ભારત તેના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે તમામ જરૂરી પગલાં લેશે.' નોંધનીય છે કે અમેરિકાએ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારત પર ટેરિફ લાદવાની જાહેરાત કરી છે, પરંતુ ચીન પણ રશિયા પાસેથી મોટા પાયે ક્રૂડ ઓઈલ ખરીદે છે, પરંતુ અમેરિકન રાષ્ટ્રપતિ ચીનના મુદ્દા પર મૌન છે.

## હિમાચલના ચંબામાં પથ્થર પડવાથી કાર ૫૦૦ મીટર ઊંડી ખીણમાં પડી, એક જ પરિવારના ૬ લોકોના મોત

ચંબા,તા.૮

હિમાચલ પ્રદેશના ચંબામાં ગુરુવારે મોડી રાત્રે એક મોટો અકસ્માત થયો. જિલ્લાના ચુરાહમાં એક કાર ઊંડી ખીણમાં પડી ગઈ. આ અકસ્માતમાં કારમાં સવાર છ લોકોના મોત થયા. મૃતકોમાં બે મહિલાઓ, બે પુરુષો અને બે બાળકોનો સમાવેશ થાય છે. કહેવામાં આવી રહ્યું છે કે કાર જ્યાં પડી તે ખીણ ૫૦૦ મીટર ઊંડી હતી. માહિતી મુજબ, ગુરુવારે રાત્રે લગભગ ૯:૨૦ વાગ્યે, એક સ્વિફ્ટ કાર નંબર એચપી ૪૪ ૪૨૪૬ જે ભજરાડુથી શ્રીગર ગામ જઈ રહી





હતી. સૌયા પાથરી પર, પર્વત પરથી એક ખૂબ મોટો પથ્થર ચાલતી કાર પર પડ્યો. આ કારણે કાર નિયંત્રણ બહાર ગઈ અને ખીણમાં ૫૦૦ મીટર નીચે પડી ગઈ. કારમાં સવાર તમામ છ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા. કહેવામાં આવી રહ્યું છે કે ૭ ઓગસ્ટની રાત્રે લગભગ ૯:૨૦ વાગ્યે, એક સ્વિફ્ટ કાર નંબર એચપી ૪૪ ૪૨૪૬ જે ભજરાડુથી શ્રીગર ગામ જઈ રહી હતી. સૌયા પાથરી પર, પર્વત પરથી એક ખૂબ મોટો પથ્થર ચાલતી કાર પર પડ્યો, અને કાર ૫૦૦ મીટર નીચે ખાડામાં પડી ગઈ. કારમાં છ લોકો હતા, તે બધાના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા. સલૂનીના ડીએસપી રંજન શર્માએ અકસ્માતની પુષ્ટિ કરતા કહ્યું કે પોલીસ, ફાયર બ્રિગેડ અને સ્થાનિક લોકોની મદદથી રાત્રે મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે કારમાં સવાર તમામ લોકોના મોત થયા છે. આ બધા લોકો ચંબા જિલ્લાના ચુરાહ સબડિવિઝનના રહેવાસી હતા. તેમણે કહ્યું કે આ અકસ્માતમાં કોઈ માનવીય ભૂલ થઈ નથી. ડીએસપીએ કહ્યું કે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ટીસામાં મોકલ્યા હતા. તેમણે એમ પણ કહ્યું કે આ અકસ્માતમાં ભોગ બનેલા તમામ લોકો એક જ પરિવારના હતા.




## જ્યાં સુધી હું ઈચ્છીશ નહી ત્યાં સુધી તમે મને હરાવી શકશો નહી : મમતા બેનર્જી

કોલકતા,તા.૮

પશ્ચિમ બંગાળમાં ૨૦૨૬ માં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. જેના માટે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તૈયારી કરવાનું શરૂ કર્યું છે. વિધાનસભા ચૂંટણી પહેલા મુખ્યમંત્રીએ ભાજપનું નામ લીધા વિના તેમને પડકાર ફેંક્યો છે. તેણીએ કહ્યું, "જ્યાં સુધી હું ઈચ્છું નહીં ત્યાં સુધી તમે મને હરાવી શકતા નથી. ઝારગ્રામના પંચમથા મોર ખાતે જાહેર સભાને સંબોધતા, બેનર્જીએ કહ્યું કે તે એક સિંહણ છે અને કોઈએ તેને ઘાયલ કરવાનો પ્રયાસ કરવાનું અને તેને "ખતરનાક" બનાવવાનું જોખમ લેવાની હિંમત ન કરવી જોઈએ. તેણીએ વિરોધી પક્ષોને ચેતવણી આપી કે તેણીને ઓછી ન આંકે, અને કહ્યું કે તેની લડાઈ હજુ પૂરી થઈ નથી. પોતાની અંદરના આત્મવિશ્વાસની વાર્તા કહેતા, મમતા બેનર્જીએ તેમના ભૂતકાળને યાદ કર્યો જ્યારે તેમના પર હુમલો થયો. તેમણે કહ્યું, હું સીપીઆઈ (એમ)ની ગોળીઓથી બચી ગઈ. મારા માથા પર વાગી હતી, મારું શરીર લોહીથી લથપથ હતું. હું ઈજાગ્રસ્ત હતી, પણ હું ડરતી નહોતી. હું તમને કીડીઓની જેમ કચડી નાખીશ. હું એક જીવંત સિંહણ છું. મને ઈજા પહોંચાડવાનો પ્રયાસ ના કરો, હું



ખતરનાક બનીશ. તેમણે વધુમાં કહ્યું, જ્યારે હું મંજૂરી આપું ત્યારે જ તમે મને હરાવી શકો છો. જો હું ન ઈચ્છું તો તમે મને હરાવી શકતા નથી. મમતા બેનર્જીને હરાવવા સરળ નથી. વાસ્તવમાં, મમતા બેનર્જીની આ તીખી ટિપ્પણી ત્યારે આવી છે જ્યારે ચૂંટણી પંચે તેમની સરકારના બે ચૂંટણી નોંધણી અધિકારીઓ સહિત ૪ સરકારી અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ અંગે નારાજગી વ્યક્ત કરતા મુખ્યમંત્રીએ કમિશન પર રાજકીય પક્ષપાતનો આરોપ લગાવ્યો. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ અંગે કમિશન અને ભાજપને ઘેરી લીધા અને કહ્યું કે, કમિશન અમિત શાહના એજન્ટની જેમ કામ કરી રહ્યું છે. તે અમિત શાહના હાથની કઠપૂતળીની જેમ કામ કરી રહ્યું છે. બંગાળ આ અપમાન સહન નહીં કરે. હું મારા અધિકારીઓને સજા નહીં થવા દઉં. જો તમારામાં હિંમત હોય તો પ્રયાસ કરો! "









# ધારી નગરપાલિકાની નિષ્ક્રિયતા સામે કોંગ્રેસે આક્રોશ સાથે આવેદનપત્ર પાઠવ્યું

ધારી,તા.૦૮



ધારી શહેરને જ્યારથી નગરપાલિકાનો દરજ્જો મળ્યો છે ત્યારથી લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ધારી નગરપાલિકાની નિષ્ક્રિયતા સામે કોંગ્રેસ દ્વારા આક્રોશ સાથે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને લગ્ન નોંધણી, ગંદકીના પ્રશ્નો, સ્ટ્રીટ લાઈટના પ્રશ્નો તેમજ કાયમી ચીફ ઓફિસરની જગ્યા ખાલી હોવાથી શહેરીજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ બાબતે અવારનવાર રજૂઆત કરવા છતાં રાજ્ય સરકાર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી. ધારીને નગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ તમામ પ્રશ્નોનું નિરાકરણ આવશે તેવી લોકો આશા સેવતા હતા પરંતુ આ આશા ઠગારી નીવડી હતી. જો ૧૫ દિવસમાં પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો કોંગ્રેસ દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

શાળા-કોલેજ જવા અને છુટવા સમયે લુખ્ખાઓના આંટાફેરા વધતા

# બગસરામાં લુખ્ખા તત્વો સામે કડક કાર્યવાહી કરવા ‘આપ’ આગેવાન કાંતિભાઈ સતાસીયાની રજૂઆત

અમરેલી,તા.૦૮



બગસરામાં આવારા તત્વો અને રોમીયોગીરી કરતા યુવાનો સામે કડક કાર્યવાહી કરવા માટે આપ આગેવાન કાંતિભાઈ સતાસીયાએ જિલ્લા પોલીસ વડાને પત્ર પાઠવ્યો છે. આપ આગેવાન કાંતિભાઈ સતાસીયાએ જિલ્લા પોલીસ વડાને લખેલા પત્રમાં જણાવ્યું છે કે શહેરમાં આવેલી કોલેજ અને મેઘાણી હાઈસ્કૂલમાં મોટી સંખ્યામાં દીકરીઓ અભ્યાસ કરે છે ત્યારે શાળા-કોલેજ જવાના માર્ગ પર શાળાએ જવા અને છુટવાના સમયે રોમીયોગીરી કરતા યુવાનો આંટાફેરા કરી દીકરીઓને પજવણી કરતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે તેમજ બગસરાના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં દીકરીઓ અભ્યાસ કરવા આવતી હોય ત્યારે બસ સ્ટેશનમાં પણ લુખ્ખાઓના આંટાફેરા વધી જતા હોવાથી રોમીયોગીરી કરતા યુવાનો સામે પોલીસ કડક કાર્યવાહી કરે તેવી માંગ કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, આવારા તત્વો પોલીસનો ડર રાખ્યા વગર બેફામ મોટરસાયકલ ચલાવી રહ્યાં છે ત્યારે આવા લુખ્ખાઓ સામે પોલીસ કડક હાથે કામ લે તે જરૂરી છે.

# અમરેલીજિલ્લાના ૧૭,૧૧૮ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા

અમરેલી, તા.૦૮

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં ખેડૂતોને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી સાથે જોડવા માટે વિશેષ અભિયાન અપનાવવામાં આવ્યું છે, ત્યારે અમરેલી જિલ્લાના અનેક પ્રગતિશીલ ખેડૂતો હવે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. જિલ્લા ખેતીવાડી અધિકારી કચેરીના આંકડાઓ મુજબ, નિદર્શન અને ફિલ્ડ વિઝીટ થકી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે. જેનાં ભાગરુપે ૧૭,૧૧૮ ખેડૂતો ૧૮,૯૭૮ એકર વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ કરતા થયા છે તેમજ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો માટે દેશી ગાય નિભાવ ખર્ચ યોજના અતર્ગત ૯,૩૬૪ લાભાર્થીઓને રુ.૧૦ કરોડ ૧૧ લાખની સહાય નિભાવ ખર્ચ સ્વરુપે આપવામાં આવી છે.

# સાવરકુંડલાના જેસર રોડ પરનું ફાટક એક કલાક બંધ રહેવાથી લોકોને હેરાનગતિ

સાવરકુંડલા,તા.૦૮



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલામાં આવેલ જેસર રોડ પરનું ફાટક એક કલાક કરતા વધારે સમય સુધી બંધ રહેતા શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જેસર રોડ પરનું ફાટક છેલ્લા બે દિવસથી બપોરના સમયે એક કલાક સુધી બંધ રહે છે. ફાટક બંધ રહેવાને કારણે રોડ પર વાહનોની લાંબી કતારો લાગી જાય છે. જેમાં વિદ્યાર્થીઓ, વેપારીઓ, ખેડૂતો સહિત અનેક લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે મહુવા રોડ પર પુલ નિર્માણનું કામ ચાલી રહ્યું હોવાથી જેસર રોડ પર વાહનોની અવરજવરમાં વધારો થયો છે. આવી સ્થિતિમાં રેલવે દ્વારા નવી લાઈન નાખવાની કામગીરી ચાલુ હોય તેના માટે ફાટક બંધ કરવામાં આવે છે તેવું જાણવા મળ્યું છે. જોકે હજુ કેટલા દિવસ સુધી આ કામગીરી ચાલશે તેની કોઈ માહિતી મળી નથી.

# દામનગર અને ભેરાઈ શાળાની બાળાઓએ કલાત્મક રંગોળી બનાવી

અમરેલી,તા.૦૮




હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત દામનગર સ્થિત શેઠ શ્રી એમ.સી. મહેતા હાઈસ્કૂલ અને રાજુલાના ભેરાઈ સ્થિત સરકારી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ રાષ્ટ્રપ્રેમને ઉજાગર કરતી કલાત્મક રંગોળીઓ બનાવી હતી. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ રંગોળી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈને પોતાની સર્જનાત્મક શક્તિને ઉજાગર કરી હતી અને તિરંગાની થીમને ધ્યાનમાં રાખી દર્શનીય રંગોળીઓ બનાવી હતી.

# વડેરા અને રંગપુર ગામના વાડી વિસ્તારમાં રહેતી સગર્ભા માતાઓને પોષણ કીટ અપાઈ

અમરેલી,તા.૦૮



આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા ખાતે ફ્યુચર ફાઉન્ડેશનના સહયોગથી વડેરા અને રંગપુર ગામના વાડી વિસ્તારમાં રહેતી ૩૨ જેટલી સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે વડેરા ગામના સરપંચ ભરતભાઈ હપાણી તરફથી ૧૦ કિલો દાળિયા આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન પ્રવીણભાઈ માંગરોળીયા સહિત ડોક્ટરોની ટીમ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

# સાવરકુંડલાનીવી.ડી.કાણકીયાકોલેજ ખાતે મેન્ટલ હેલ્થ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૮



સાફલ્યા એજ્યુકેશન સાવરકુંડલા દ્વારા વી.ડી.કાણકીયા કોલેજમાં ડો.દેવાંગ બોરીસાગર દ્વારા મેન્ટલ હેલ્થ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ સેમિનારમાં ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્યના મહત્વ વિષે ઊંડું અને તલસ્પર્શી જ્ઞાન પ્રદાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ માનસિક આરોગ્યની જાગૃતિ ફેલાવવી તથા સ્વસ્થ માનસિક સ્વાસ્થ્ય પર અંગત ધ્યાન આપવાનો હતો.

# કરજાળા પ્રાથમિક શાળામાં ‘દિપશાળા પ્રોજેક્ટ’ અંતર્ગત ટેબલેટ વિતરણ

સાવરકુંડલા,તા.૦૮




સાવરકુંડલા તાલુકાની કરજાળા પ્રાથમિક શાળા ખાતે અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન (AIF) દ્વારા અમલમાં મૂકાયેલા ’દિપશાળા પ્રોજેક્ટ’ હેઠળ ટેબલેટ વિતરણ અને શૈક્ષણિક સંવાદ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે પ્રોજેક્ટના હેડ હાર્દિક સરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ દરમિયાન, ધોરણ ૭ના વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરવામાં આવ્યા, જે તેમને આધુનિક અને ઈન્ટરેક્ટિવ શિક્ષણ પદ્ધતિઓ સાથે જોડાવાની તક પૂરી પાડશે.

# આયુષ્યમાન આરોગ્ય મંદિર મોટા ગોખરવાળા દ્વારા મચ્છરના ઉપદ્રવ સામે જરૂરી દવાનો છંટકાવ કરાયો

અમરેલી,તા.૦૮



અમરેલી તાલુકાના આયુષ્યમાન આરોગ્ય મંદિર મોટા ગોખરવાળા દ્વારા મચ્છરના ઉપદ્રવ સામે જરૂરી દવાનો છંટકાવ કરાયો હતો. મચ્છરને કારણે રોગચાળો માથું ઊંચકે તે પહેલા જ વાંકિયા પીએચસી દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ચાંદગઢ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકિયાનાં મેડિકલ ઓફિસર ડો. પલ્લવી ઠુંમર, ડો. કિરણબેન શેલડીયા તેમજ આરોગ્ય સ્ટાફના માર્ગદર્શન નીચે મચ્છર વિરોધી દવાનો છટકાવ કરવાની કામગીરી હાથ ભરવામાં આવી હતી. આગામી દિવસોમાં જ્યાં પણ જરૂરિયાત જણાશે ત્યાં દવાનો છંટકાવ કરવામાં આવશે જેથી મચ્છરજન્ય રોગચાળા પર કાબુ મેળવી શકાય.

# એસ.એચ.ગજેરા-વિદ્યાસભા સ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઇ

અમરેલી, તા.૦૮



અમરેલીના ગજેરા કેમ્પસમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તેમજ જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. કેમ્પસમાં તમામ તહેવારો પારિવારિક ભાવના સાથે ઉજવવામાં આવે છે. આ ઉજવણીમાં આશરે ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ જોડાયા હતા. વિદ્યાર્થીઓને વિદ્યાર્થિની બહેનોએ મીઠું મોઢું કરી રાખડી બાંધીને વિદ્યાર્થી ભાઈઓ તંદુરસ્ત રહે અને જીવનમાં ખુબ સફળતા મેળવે તેવી શુભકામનાઓ પાઠવી હતી. જ્ઞાન શક્તિ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ૪૦ ફૂટની વિશાળ રાખડી તેમજ અંગ્રેજી અને મિશ્ર માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા ૩૫ ફૂટની રાખડી બનાવવામાં આવેલ જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ પર્વની સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ શુભકામના પાઠવી હતી.










# ખોડલધામ ટ્રસ્ટને ૬૧ વીઘા જમીનનું દાન કરનાર બાવકુ ઊંઘાડનું વડીયામાં સન્માન

વડીયા,તા.૦૮

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના નિર્માણ માટે જમીનનું દાન કરનાર પૂર્વ કેબિનેટ મંત્રી અને લોકનેતા બાવકુ ઊંઘાડ અને તેમના પરિવારનું આજે વડીયા ખાતે ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. વડીયા અને આસપાસના ગામોના લોકોએ ઉમટી પડીને તેમને 'ભામાશા'નું બિરુદ આપ્યું હતું. આ સન્માન સમારોહમાં એટલી મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા કે કાર્યક્રમ સ્થળ કૃષ્ણપરા સ્થિત પટેલ સમાજવાડીનો હોલ નાનો પડ્યો હતો, જે તેમના પ્રત્યેના લોકપ્રેમ અને લાગણી દર્શાવે છે. ખોડલધામ ટ્રસ્ટ દ્વારા ટાટા જૂથના સહયોગથી અત્યાધુનિક કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર બનાવવામાં આવી રહ્યું છે. આ ઉમદા કાર્ય માટે બાવકુ ઊંઘાડ અને તેમના પરિવારે ૬૧ વીઘા જમીનનું દાન કર્યું છે. આ ભૂમિદાન બદલ અમરેલી જિલ્લા અને વડીયાની ખોડલધામ સમિતિ, વડીયા ગ્રામ પંચાયત,



ચેમ્બર ઓફ કોમર્સ અને વિવિધ સંસ્થાઓ તથા મહિલા મંડળો દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સન્માનનો પ્રતિભાવ આપતા બાવકુ ઊંઘાડે જણાવ્યું હતું કે, "હું છેલ્લા ચાલીસ વર્ષથી રાજકારણમાં છું અને લોકોએ મને જે પ્રેમ આપ્યો છે, તેનું ઋણ ચૂકવવાનો આ અનેરો અવસર મળ્યો છે." તેમણે ઉમેર્યું કે, "આ કેન્સર હોસ્પિટલનો લાભ સમગ્ર દેશના લોકોને મળશે અને આવા રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં યોગદાન આપવું એ મારા પરિવારનું સૌભાગ્ય છે. આ ભૂમિદાન એ લોકોના ઋણ સામે ફૂલની એક પાંખડી સમાન પ્રયાસ છે." આ કાર્યક્રમમાં વડીયા સ્વામિનારાયણ મંદિર અને શિવ મંદિરના સંતો તેમજ વિવિધ સમાજના આગેવાનો, સંસ્થાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ સમાજના લોકોએ ફુલહાર, મોમેન્ટો અને શાલ અર્પણ કરીને આ ઉદારદિલ દાતા પરિવારનું ગૌરવભેર સન્માન કર્યું હતું.

# યુવા નેતા મનીષ સંઘાણીની N.H.R.D.F.ના ડાયરેક્ટર તરીકે નિમણૂક થઈ

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષભાઈ સંઘાણીની રાષ્ટ્રીય બાગાયતી સંશોધન અને વિકાસ ફાઉન્ડેશન એન.એચ.આર.ડી.એફ.ના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ રાષ્ટ્રીય બાગાયતી સંશોધન અને વિકાસ ફાઉન્ડેશનનું કાર્ય ખેડૂતો,



નિકાસકારો અને સંબંધિત અન્ય લોકોને બાગાયતી પાકોની ઉત્પાદકતા અને ગુણવત્તા સુધારવા માટે માર્ગદર્શન આપવાનું છે. જેથી સ્થાનિક જરૂરિયાત માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ થાય તેવો હેતુ છે.

દેશમાં ડુંગળી અને અન્ય નિકાસલક્ષી બાગાયતી પાકોની નિકાસને વેગ મળે તે દિશામાં કાર્ય કરવા માટે ખેડૂતોએ મનીષભાઈ સંઘાણીને શુભકામના પાઠવી હતી.

# વડીયાની મોંઘીબા કન્યા શાળામાં દીપશાળા પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓને ટેબલેટ અપાયા

વડીયા,તા.૦૮

વડીયામાં આવેલી મોંઘીબા કન્યાશાળા ખાતે વાલી મિટિંગ યોજાઈ હતી તેમજ દીપશાળા પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ ૭ની વિદ્યાર્થિનીઓને ટેબલેટ આપવામાં આવ્યા હતા ૩૩ વિદ્યાર્થિનીઓને આ ટેબલેટ વિતરણ કરવામાં આવ્યા હતા તેમજ ટેબલેટની ઉપયોગીતા અને તેની યોગ્ય



દેખરેખ કઈ રીતે રાખવી તેના વિશે વાલીઓને સમજ આપવામાં આવી હતી. સતત ચોથા વર્ષે વિદ્યાર્થિનીઓને દાતા ભરતભાઈ દેસાઈ તરફથી ટેબલેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સરપંચ મનીષભાઈ ઢોલરીયા, તુષારભાઈ ગણાત્રા, શૈલેષભાઈ ઢુંમર, ગ્રામ પંચાયતના સભ્યો સહિતનાઓએ ટેબલેટના દાતા ભરતભાઈ દેસાઈનો આભાર માન્યો હતો. હવે મોંઘીબા કન્યાશાળાના વિદ્યાર્થીઓ ટેકનોલોજી સાથે શિક્ષણમાં આગળ વધશે.

# લાઠીના હાવતડ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને ટેબલેટ આપવામાં આવ્યા

લાઠી,તા.૦૮

દીપશાળા પ્રોજેક્ટ અંતર્ગત લાઠી તાલુકાની હાઉતડ પ્રાથમિક શાળામાં ધોરણ સાતના વિદ્યાર્થીઓને માતા-પિતા તથા વાલીઓની હાજરીમાં ટેબલેટ આપવામાં આવ્યા હતા. બાળકો પ્રાથમિક શાળા કક્ષાએથી જ વૈજ્ઞાનિક અભિગમ સાથે આગળ વધે અને આધુનિક ટેકનોલોજીના આ યુગમાં દરેક



બાળકો પણ ટેકનોલોજી સાથે કદમ મિલાવી શકે અને બાળકનો સર્વાંગી વિકાસ થાય તેવા શુભ હેતુથી દીપશાળા પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે. અમેરિકા સ્થિત ભરતભાઈ દેસાઈ દ્વારા આ પ્રોજેક્ટ ખૂબ જ સુંદર રીતે આગળ વધી રહ્યો છે જેથી શાળા

**વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળા કક્ષાએથી જ વૈજ્ઞાનિક અભિગમ સાથે આગળ વધે તેવો ધ્યેય**

પરિવાર દ્વારા દાતાને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે સરપંચ રઘુભાઈ ડાંગર, એસએમસીના સભ્યો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# શ્રી પી.પી. એસ. હાઈસ્કૂલ વંડામાં સંસ્કૃત ગૌરવ યાત્રાની શાનદાર ઉજવણી

સાવરકુંડલા તા.૦૮

સાવરકુંડલા તાલુકાની શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલ વંડામાં સંસ્કૃત ગૌરવ યાત્રાની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત સંસ્કૃત ભાષાનું ગૌરવ, સંરક્ષણ, સંવર્ધન તેમજ પ્રચાર-પ્રસાર થાય તેવા તમામ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ગૌરવ રેલી યાત્રાનો પ્રારંભ સંસ્કૃત શ્લોક દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સાવરકુંડલા



તાલુકાના સી.આર.સી. વાળા નિલેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા તેમજ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. સંસ્કૃતના ગીતો, સુભાષિતો, સંસ્કૃત ગરબા સાથે ઉજવણી કરવામાં આવી હતી. સાથે સંસ્કૃત ગૌરવ દર્શિત સૂત્રોચ્ચાર રોહીતભાઈ ઓઝા દ્વારા કરાવવામાં આવ્યા હતા. આ તકે ચિત્ર સ્પર્ધા, રંગોળી હરીફાઈ વિગેરે યોજવામાં આવી હતી.

# સાવરકુંડલાના જાબાળ ગામે ધોરણ ૭ના વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરાયા

સાવરકુંડલા,તા.૦૮



સાવરકુંડલા તાલુકાના જાબાળ પ્રાથમિક શાળા ખાતે બુધવારના રોજ ધોરણ ૭ના વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરાયા હતા. વાલીઓની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને આ ટેબલેટ અપાયા હતા. પ્રાથમિક શાળા કક્ષાએથી જ બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમનો ઉદય થાય અને ટેકનોલોજીના આ યુગમાં બાળકોનો સમાંતર અને સર્વતોમુખી વિકાસ થાય તેવા હેતુથી આ પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે. આ તકે એસએમસીના અધ્યક્ષ જીગ્નેશભાઈ શિરોયા, અશોકભાઈ ખુમાણ સહિતના ગામ અગ્રણીઓ અને આચાર્ય તેમજ શિક્ષક ગણો હાજર રહ્યા હતા.

# સિવિલ સર્વિસ જેવી પ્રતિષ્ઠિત પરીક્ષાઓ માટે અમરેલીમાં પ્રથમવાર ફ્રી માર્ગદર્શન સેમિનાર યોજાશે

અમરેલી, તા. ૦૮

આજના યુવા વિદ્યાર્થીઓ અને માતા-પિતાઓમાં UPSC અને GPSC જેવી ઉચ્ચ સ્તરની સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જાગૃતિ વધતી જાય છે. એનું કારણ છે દેશમાં સેવા કરવાની તીવ્ર ઈચ્છા અને સમૃદ્ધ કારકિર્દીનું સ્વપ્ન. વિદ્યાર્થી સ્કૂલમાં હોય, કોલેજમાં અભ્યાસ કરે કે પછી નોકરીમાં હોય – જો યોગ્ય દિશામાં માર્ગદર્શન મળે તો સફળતા મેળવવી અશક્ય નથી. આ જ મુદ્દાને ધ્યાનમાં રાખીને BAPS પ્રમુખ એકેડેમી દ્વારા અમરેલી શહેરમાં ફ્રી UPSC-GPSC માર્ગદર્શન સેમિનારનું આયોજન BAPS સ્વામિનારાયણ મંદિર, પ્રમુખ વાટિકા, ગાંધીબાગ પાછળ, અમરેલી મુકામે ૧૦ ઓગસ્ટ, રવિવારે સાંજે ૫.૩૦ વાગ્યે યોજાશે. આ સેમિનારમાં દેશની સૌથી પ્રતિષ્ઠિત પરીક્ષાઓ વિશે મૂળભૂત સમજ, તૈયારીની પદ્ધતિ, ટાઈમ મેનેજમેન્ટ અને સફળતા માટેનું ઊંડાણપૂર્વક માર્ગદર્શન દિલ્હીના નિષ્ણાત મેન્ટર તેમજ પ્રમુખ એકેડમીના સંચાલકો દ્વારા આપવામાં આવશે. સાથે પ્રશ્નોત્તરી દ્વારા શ્રોતાઓની જિજ્ઞાસા સંતોષવામાં આવશે.

# BSNL દ્વારા સ્વદેશી 4G ટેક્નોલોજીના પ્રચાર માટે ૧ રૂપિયામાં નવું સિમ કનેક્શન

અમરેલી,તા.૦૮

ભારત સરકારની માલિકીની સંસ્થા બીએસએનએલ (BSNL) દ્વારા સ્વદેશી 4G ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે એક આકર્ષક ઓફરની જાહેરાત કરવામાં આવી છે. આઝાદીના મહિના તરીકે ઓગસ્ટની ઉજવણીના ભાગરૂપે, BSNL આ આખો મહિનો એટલે કે ૧ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ સુધી માત્ર ૧ રૂપિયામાં નવું સિમ કનેક્શન આપશે. આ ઓફર હેઠળ, જો કોઈ ગ્રાહક અન્ય કોઈ કંપનીમાંથી પોતાનો નંબર BSNLમાં MNP (મોબાઈલ નંબર પોર્ટેબિલિટી) કરાવવા ઈચ્છે તો તે પણ માત્ર ૧ રૂપિયામાં કરી શકશે. આ બંને ઓફર માત્ર ઓગસ્ટ મહિના પૂરતી જ મર્યાદિત છે. આ લાભ લેવા માટે, અમરેલીની જનતાને તેમના ઓરિજિનલ આધારકાર્ડ સાથે BSNLની ઓફિસ, ગ્રાહક સુવિધા કેન્દ્ર, નાગનાથ મંદિર પાસે, અમરેલીનો સંપર્ક કરવા માટે ડેપ્યુટી જનરલ મેનેજર, બી.એસ.એન.એલ. અમરેલી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ પહેલનો મુખ્ય હેતુ સ્વદેશી ટેક્નોલોજીનો વ્યાપ વધારવાનો અને વધુ ગ્રાહકોને BSNL સાથે જોડવાનો છે.

**કેરાળા ગ્રામ પંચાયત તા.જાફરાબાદ જિ.અમરેલી**

**જૂની પ્રાથમિક શાળા જર્જરિત દિવાલની હરરાજી કરવા અંગેની જાહેરાત**

કેરાળા ગામે જૂની પ્રાથમિક શાળા જર્જરિત દિવાલની હરરાજી તારીખ :- ૧૨/૦૮/૨૦૨૫ને મંગળવારે રાખેલ હોય હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

(૧) હરરાજીમાં ભાગ લેનારે ડીપોઝીટ પેટે રૂ.૧૦૦૦/- રોકડથી જમા કરાવાના રહેશે. (૨) હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓ પૈકી પસંદ થયેલ વ્યક્તિએ જેતે રકમ તે જ દિવસે ચેક/ડીડી/રોકડ સ્વરુપે ગ્રામ પંચાયતમાં જમા કરાવવાની રહેશે. (૩) પસંદ થયેલ એજન્સી/વ્યક્તિએ આ કામ મળ્યેથી દિન-૫ માં ઈમલો પાડી જગ્યા ખાલી/ સમથળ કરી સોંપવાની રહેશે. (૪) કામ સમયે કોઈ પણ પ્રકારની જાનહાની કે નુકશાનીની જવાબદારી જેતે એજન્સી/વ્યક્તીની રહેશે.

હરરાજીમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવાનો અબાધિત અધિકાર કેરાળા ગ્રામપંચાયતનો રહેશે.

**હરરાજીનું સ્થળ- જૂની પ્રાથમિક શાળા કેરાળા**
**હરરાજીનો સમય :- સવારે ૧૦.૩૦ કલાકે**

તલાટી કમ મંત્રી
કેરાળા ગ્રામપંચાયત

સરપંચશ્રી
કેરાળા ગ્રામપંચાયત

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા,ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો



અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પેકિંગમાં ઉપલબ્ધ
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨–૧. જી.આઈ.ડી.સી.અમરેલી
V : ૯૯૯૮૨૮૬૦૮૩, R : ૯૮૨૪૨ ૩૦૫૧૫

**-//મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં//-**

કેસ-નં.૧૪૧/૨૦૨૫

અરજદાર :- બાલાભાઈ મેઘાભાઈ રાઠોડ
રહે. સૈયદ રાજપરા, તા.ઉના

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, સૈયદ રાજપરા ગ્રામ પંચાયત
ઠે.સૈયદ રાજપરા, તા.ઉના

**જાહેર નોટીસ**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળ જાહેર નોટીસથી અરજી અન્વયે આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામના રહીશશ્રી બાલાભાઈ મેઘાભાઈ રાઠોડના પિતાશ્રી મેઘાભાઈ ગલાભાઈનું મરણ તા.૧૨/૦૯/૧૯૯૭ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત કેસ નંબરથી દાવા અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
મામલતદાર
અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
ઉના

**-//મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં//-**

કેસ-નં.૧૩૬/૨૦૨૫

અરજદાર :- ભીખાભાઈ જીણાભાઈ વાજા
રહે.ખડા, તા.ઉના

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ખડા ગ્રામ પંચાયત
રહે.ખડા, તા.ઉના

**જાહેર નોટીસ**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૭૯ ની કલમ-૧૩(૩) હેઠળ જાહેર નોટીસથી અરજી અન્વયે આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના ખડા ગામના રહીશશ્રી ભીખાભાઈ જીણાભાઈ વાજાના ભાઈ વિનોદભાઈ જીણાભાઈ વાજાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૦ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત કેસ નંબરથી દાવા અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૧/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
મામલતદાર
અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
ઉના

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં. 53\2025

**પ્રતિ**
શ્રી દિનેશભાઈ હમીરભાઈ પરમાર,
રહે. નાના સમઢીયાળા, ગામ-નાના સમઢીયાળા, તાલુકો- ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.જી. સોસા ગીરગઢડા ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નાના સમઢીયાળા, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના **નાના સમઢીયાળા** ગામના રહીશ દિનેશભાઈ હમીરભાઈ પરમાર તથા સોનીબેન દિનેશભાઈ પરમારના પુત્ર કૌશિક દિનેશભાઈ પરમારનો જન્મ તારીખ **01/06/2008** ના રોજ ગીરગઢડા તાલુકાના **નાના સમઢીયાળા** ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નાના સમઢીયાળા, તાલુકો-ગીરગઢડા સને.**2008** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી,
(જી.કે.વાળા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ગીરગઢડા

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.90/2025

**પ્રતિ,**
શ્રી છગનભાઈ કરશનભાઈ લોઢારી,
રહે. માઢવાડ, ગામ- માઢવાડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી, એસ.જે.મેર તથા એમ.એમ.બોરિયા કોડીનાર .....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, કચેરી, વેલણ માઢવાડ કોટડા,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ **...સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના માઢવાડ ગામના રહીશ છગનભાઈ કરશનભાઈ લોઢારી તથા રામીબેન છગનભાઈ લોઢારીના પુત્ર હસમુખ છગનભાઈ લોઢારીનો જન્મ તારીખ **01/06/1998** ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, વેલણ માઢવાડ કોટડા, તાલુકો- કોડીનાર સને.**1998** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૧/૦૮/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(ડી.જિ.વરમોરા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# ગજેરા કેમ્પસના એથ્લેટિક્સ અને બેડમિન્ટન ખેલાડીઓએ SGFIમાં ટોપ-થ્રીમાં સ્થાન મેળવ્યું

અમરેલી, તા.૦૮



અમરેલીમાં તાજેતરમાં ૬૯મી શાળાકીય તાલુકા-જિલ્લા કક્ષા SGFI એથ્લેટિક્સ અને બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન થયું હતું, આ સ્પર્ધામાં વિવિધ શાળાઓના સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સના ભાઈઓ-બહેનોએ ભાગ લઈને ટોપ-થ્રીમાં સ્થાન મેળવ્યું છે. તેમાં એથ્લેટિક્સ ગેમમાં અંડર-૧૪ ૬૦૦ મીટર દોડ- સરવાળીયા અજય પ્રથમ સ્થાન, બારૈયા ભૌતિક દ્વિતીય સ્થાન, અંડર-૧૭ ૮૦૦ મીટર દોડ- શિયાળ હસમુખે પ્રથમ સ્થાન મેળવેલ, અંડર-૧૪ ૨૦૦ મીટર દોડ- કંટારીયા પીયુષ પ્રથમ, અંડર-૧૭ ડાંગોદરા દિક્ષિત દ્વિતીય, અંડર-૧૪ મેર કિશને તૃતીય સ્થાન મેળવેલ, તેમજ લાંબીકૂદ અંડર-૧૪ કંટારીયા પીયુષ દ્વિતીય, અંડર-૧૭ દુધાત જૈનમે દ્વિતીય સ્થાન મેળવેલ હતું. તેમજ બેડમિન્ટન ગેમમાં પરમાર શ્રદ્ધા પ્રથમ સ્થાન, ચાવડા પ્રિયલ દ્વિતીય સ્થાન, ગોવા તુલસીએ તૃતીય સ્થાન મેળવેલ તેમજ ૩ વિદ્યાર્થીઓ રાઠોડ વિશ્વમ, વાળા શિવરાજ સિંહ, પટેલ શિવમ અમરેલી જિલ્લા તરફથી રાજ્ય કક્ષામાં પ્રતિનિધિત્વ કરશે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી દ્વારા સ્પર્ધકો અને ટ્રેનરને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# દામનગરમાં જાહેર શૌચાલયમાં સાફ-સફાઈના અભાવે જન આરોગ્ય પર ગંભીર ખતરો

દામનગર,તા.૦૮



દામનગરમાં આવેલી જાહેર શૌચાલયમાં પાલિકા દ્વારા યોગ્ય સાફ સફાઈ થતી ન હોવાથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જાહેર શૌચાલયમાં દારૂની કોથળીઓ તેમજ ગંદકીને કારણે ખૂબ જ બદબૂ મારી રહી છે આવા સમયે વેપારીઓ અને રાહદારીઓને જાહેર મૂતરડીમાં જવું પણ મુશ્કેલ બન્યું છે. ભૂતકાળમાં પણ જાહેર શૌચાલયમાં વિદેશી દારૂના બાટલા હોવાનું શહેરીજનો જણાવી રહ્યા છે. જો શૌચાલયની યોગ્ય સાફ સફાઈ કરવામાં આવે તો વેપારીઓ અને રાહદારીઓ આ જાહેર શૌચાલયનો ઉપયોગ કરી શકે. હાલ તો સાફ-સફાઈ થતી ન હોવાથી શહેરીજનોએ જાહેર શૌચાલય પાસેથી પસાર થતી વખતે મોઢા પર રૂમાલ બાંધીને નીકળવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. તો લોકોની રજૂઆત બાદ શૌચાલયની યોગ્ય સાફ સફાઈ કરવામાં આવે તેવી શહેરીજનોએ માંગ કરી છે.

# લાઠીના દહીંથરા ગામેથી સુરત પાસિંગના બાઈકની ઉઠાંતરી

**બાઈક માલિકે અજાણ્યા ઈસમ સામે લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવી**

લાઠી, તા.૦૮

લાઠીના દહીંથરા ગામેથી સુરત પાસિંગના બાઈકની ઉઠાંતરી થઈ હતી. બનાવ અંગે ભીખાભાઈ ઓધાભાઈ સુતરીયા (ઉ.વ.૬૫)એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે તેમની માલિકીનું સ્પ્લેન્ડર નં. GJ-૦૫-BM-૪૬૦૩ ઘર પાસે પાર્ક કર્યું હતું.

રૂપિયા રૂ.૧૨,૦૦૦ની કિંમતના બાઈકની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરીને લઈ ગયો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.વી. મજીઠીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં મહિલા સ્વરોજગાર ભરતી મેળો યોજાયો

અમરેલી,તા.૦૮



અમરેલીમાં મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે તા.૦૪ના રોજ સરકાર દ્વારા મહિલા સશક્તીકરણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી સંરક્ષણ અને સન્માન માટે "નારી વંદન ઉત્સવ" કાર્યક્રમ યોજાયો હતો. મહિલા સ્વાવલંબન દિવસ નિમિત્તે મહિલાઓ માટે સ્વરોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ કચેરી અને કંપનીઓમાંથી આવેલ પ્રતિનિધિ જેમાં આલ્ફા ઓટોલીંક, એલ.આઈ.સી., નીલકંઠ જવેલર્સ, શીતલ ફૂડ પ્રોડક્ટસ, એચ.ડી.એચ. સી. લાઈફ ઈસ્યોરન્સ, બોનાન્ઝા લ્યુક્ષ સલુન ઉપસ્થિત રહ્યા હતા. આઈ.ટી.આઈ.ના વિવિધ કોર્સ અને રોજગારલક્ષી યોજનાઓની માહિતી આપી હતી. જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથરના હસ્તે 'દીકરી વધામણા કીટ', અનાથ દીકરીને શૈક્ષણિક કીટ, વહાલી દીકરી યોજના અંતર્ગત કીટ અને સર્ટિફિકેટનું વિતરણ કરાયું હતું.

# લીલીયાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરાઈ



તસવીર : ઇમરાન પઠાણ

લીલીયા,તા.૦૮

લીલીયા મોટામાં આવેલી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં પ્રિન્સિપાલ ડો. રાજેન્દ્રસિંહ રાઠોડની અધ્યક્ષતામાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત શ્લોક પઠન, વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા બનનાર વિદ્યાર્થિનીઓને સન્માનિત કરવામાં આવી હતી.

# સા.કુંડલા કે.કે.હાઈસ્કૂલ ખાતે હેલ્થ અવેરનેસ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૦૮



સાવરકુંડલાની કે.કે હાઈસ્કૂલ NSS યુનિટના સંયુક્ત ઉપક્રમે તા.૦૫ના રોજ એક હેલ્થ અવેરનેસનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં ફાઉન્ડેશન સાથે જોડાયેલા ડો.કૈરવીબેન મારડિયા, વૈશાલીબેન મજીઠીયા, હિરલબેન હિંગુ અને રિયાબેન ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. ફાઉન્ડેશનના પ્રોજેક્ટ મેનેજર કૈરવીબેન મારડિયાએ વિદ્યાર્થીઓને કેન્સર, કિડનીના ગંભીર રોગો અને તેનાથી બચવા માટેના ઉપાયો, વધુ પડતા સુગરના ઉપયોગથી ડાયાબીટિસ અને બ્લડપ્રેશર જેવા રોગો વિશે પ્રશ્નોત્તરી શૈલીમાં માહિતી આપી હતી.

# વડીયાના ભુખલી સાંથળી ગામે ખડખડ રોડ પરથી દેશી દારૂની ભઠ્ઠી ચલાવતી મહિલા ઝડપાઈ

**ચલાલા પોલીસ ચોકી પાસેથી દારૂ, કાર સહિત ૮.૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાં પોલીસ પ્રોહિબીશન સામે કડક કામગીરી કરી રહી છે. વડીયાના ભુખલી સાંથળી ગામે ખડખડ રોડ પરથી દેશી દારૂની ભઠ્ઠી ચલાવતી મહિલા ઝડપાઈ હતી. પોલીસે ભઠ્ઠીના સાધનો, દેશી દારૂ મળી કુલ ૩૨૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચલાલા પોલીસ ચોકી પાસેથી એક કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળ્યો હતો. પોલીસે કાર, દારૂ, ૬ મોબાઈલ મળી કુલ ૮,૮૫,૧૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જિલ્લામાં ચાર લોકો પાસેથી ૨૮ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ૧૦ ઈસમો કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યા હતા.

# લીલીયાનાં ગોઢાવદરમાં SBI બેંક દ્વારા મિટિંગનું આયોજન કરવામાં આવ્યું

**ખાતાધારકોને પડતી મુશ્કેલી અંગે નિરાકરણની ખાતરી આપવામાં આવી**



અમરેલી,તા.૦૮

લીલીયા તા. ૦૭ના રોજ ગોઢાવદર રાજીવ ગાંધી ભવન ખાતે એસ.બી.આઈ. બ્રાંચ મેનેજર દ્વારા કૃષિ મિટિંગનું આયોજન કરવામા આવ્યુ હતું જેમાં ગોલ્ડ લોન, હોમ લોન, કૃષિ ધિરાણ, ખાતા ધારકને પડતી મુશ્કેલી અંગે રુબરુ મુલાકાત કરવામાં આવી હતી. આ મિટિંગમાં ઉપસ્થિત વિલાસપરી બાપુ, વિજયભાઈ ગજેરા, બેંકમાંથી હેમંતકુમાર મીના, મયુરભાઈ આહિર, ભરતભાઈ વિંઝુડા, વિપુલભાઈ ગજેરા અને ધીરુભાઈ ચૌહાણ અને ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પૂનમ
તા. ૦૯-૦૮-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૫:૪૬,
સૂર્યાસ્ત-૦૭:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૮-૨૦૨૫ શનિવાર

મેષ: આજે વેપારના ક્ષેત્રમાં મનને સાનુકૂળ લાભ મળતા આનંદ થશે. પિતા સાથે મળીને તમે વ્યવસાય બદલવા અને નવો વ્યવસાય શરૂ કરવાની યોજના બનાવશો.

વૃષભ: શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ માટે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે. બુદ્ધિશાળી ભાષણ દ્વારા વ્યાવસાયિક વિવાદોના સમાધાનમાં સફળ થશો.

મિથુન: બીજાની મદદ કરવામાં તમને આનંદ મળશે, તેથી તમારો દિવસ દાનમાં વિતાવશો. કમ્યુનિકેશન મીડિયાના ઉપયોગથી વ્યાવસાયિક સિદ્ધિઓ પ્રાપ્ત થશે.

કર્ક: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

સિંહ: રોજગાર ક્ષેત્રે તમારી ક્ષમતાઓમાં સુધારો કરીને તમને નવી તકો મળશે. તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે અને સંપત્તિ, માન, ખ્યાતિ વધશે.

કન્યા: સામાજિક કાર્ય કરવાથી પ્રતિષ્ઠા વધશે. જીવનસાથીનો સંપૂર્ણ સહયોગ મળશે. બહારના ખોરાક પર નિયંત્રણ રાખો, નહીં તો પેટ સંબંધિત ફરિયાદો થઈ શકે છે.

તુલા: પિતાની સહાયથી આર્થિક પ્રગતિ થશે અને સમાજમાં તમારી નવી ઓળખ ઊભી થશે. ધંધામાં પ્રતિસ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો.

વૃશ્ચિક: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે. અટકેલા પૈસાની પ્રાપ્તિને કારણે ભંડોળ મજબૂત થશે.

ધન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જીવનસાથીનું સ્વાસ્થ્ય અચાનક બગડતા ભાગદોડ અને ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે.

મકર: આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થઈ શકે છે. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે નવી તકો મળશે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે.

કુંભ: પરિવાર સાથે નજીકમાં અને દૂર સુધીની સકારાત્મક યાત્રા પણ થઈ શકે છે. પારિવારિક બિઝનેસમાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

મીન: સંતાનો સાથે સારો સમય પસાર કરશે. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. તમારા અને તમારા પરિવારના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

# અમરેલીમાં અજેપાળ દાદાના ઓટાનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

અમરેલી, તા.૦૮



અમરેલીની સર્વોદય સોસાયટીમાં આવેલા શ્રી અજેપાળ દાદા (પાલણ દાદા)ના જર્જરિત ઓટાનું રિનોવેશન કાર્ય પૂર્ણ થતાં ધામધૂમપૂર્વક પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. સર્વોદય સોસાયટી મહિલા સત્સંગ મંડળ અને આસપાસની સોસાયટીઓના બહેનોના પ્રયાસોથી આ કાર્ય શક્ય બન્યું હતું. આ કાર્યક્રમમાં મેઘવાળ સમાજના પ્રખર વેદ શાસ્ત્રોમાં નિપુણ એવા ગર દાદાઓ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જેમાં અજેપાળ દાદા, શંકર દાદા, બાબરા દાદા, સૂક્તિ માતા અને હનુમાનજી મહારાજની મૂર્તિઓને સમાજવાડી અમરેલી ખાતેથી ઢોલ-નગારા સાથે સામૈયા કરીને ઓટા પર બિરાજમાન કરાયા હતા. આ પ્રસંગે ગર દાદાઓ સર્વ ડાહ્યા આપા, નાનજી આપા, રામા આપા અને નાથા આપાએ બારમતી કરી હતી. રિનોવેશનના કાર્ય માટે મહિલા સત્સંગ મંડળ દ્વારા એકત્ર કરાયેલા ફાળા ઉપરાંત, ડો. આંબેડકર જન્મ જયંતિ સમિતિ અને સમાજવાડી અમરેલી દ્વારા પણ રૂ. ૨૦,૦૦૦નું દાન આપવામાં આવ્યું હતું. આ સાથે, સ્વર્ગસ્થ હરિભાઈ પરમારની સ્મૃતિમાં અને માતૃશ્રી કંકુબેનની ઈચ્છા અનુસાર, ભાજપના અગ્રણી શૈલેષભાઈ પરમાર, કોન્ટ્રાક્ટર ડેનીભાઈ પરમાર અને પ્રકાશભાઈ પરમારના સહયોગથી રૂ. ૧,૦૧,૧૧૧ જેવી માતબર રકમનું દાન કરીને ઓટા પર લોખંડનું સ્ટ્રક્ચર અને પતરા નાખવાનું કામ કરાવવામાં આવ્યું હતું. આ દાતાઓનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહિલા મંડળના બહેનો જેવા કે શારદાબેન જાડેજા, મંજુલાબેન બગડા, મંજુબેન ચાવડા વગેરે તેમજ સોસાયટીના આગેવાનો કે.કે. વાળા, લક્ષ્મણભાઈ બગડા, મનુભાઈ ચાવડા વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં સમૂહમાં પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

# જિલ્લામાં ૪૫ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૦૮

જિલ્લામાં વિવિધ સ્થળેથી પોલીસે ૪૫ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. નાની કુંકાવાવ મફત પ્લોટ વિસ્તારમાંથી એક રહેણાંક મકાનમાંથી દેશી દારૂ બનાવવાનો ૨૦૦ લીટર આથો, ૫ લીટર દેશી દારૂ મળી કુલ રૂા.૬૦૧૮નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૭ ઈસમો નશામાં ચૂર થઈને જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

**સાવરકુંડલાના જુના સાવર ગામનો બનાવ**

# આડા સંબંધની આશંકામાં યુવકને ગાળો બોલી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી

**જાનથી મારી નાખીશ તેમ પણ કહ્યું**

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંલાના જુના સાવર ગામે આડા સંબંધની આશંકામાં યુવકને ગાળો બોલી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે જુનાસાવર ગામે રહેતા મનસુખભાઈ તાજુભાઈ ધોળકીયા ઉ.વ.૨૬)એ વંડા ગામના રમેશભાઈ વલ્લભભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના મોટા બહેન આ કામના ફરિયાદીના મોટા બહેન હંસાબેનના પતિ હરેશભાઈ રામસીહભાઈ વાઘેલાને તેમના બીજા બહેન ભાનુબેનની સાથે આડા સંબંધ હોવાની શંકા કરી આરોપી રમેશભાઈ વાઘેલા તેની બહેન ભાનુબેન સાથે છેલ્લા એકાદ વર્ષથી ઝઘડો માથાકૂટ કરતા હતા. આ બાબતનું મનદુઃખ રાખીને તેમના બનેવી રમેશભાઈ વલ્લભભાઈ વાઘેલાએ અમને ગાળો આપેલ તથા ટાંટીયા ભાંગી નાખવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.બી. મારૂ વધુ તપાસ કરી રહ્યા છે.

**બાબરા પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી**

# બાબરા જીઆઈડીસીમાં પરપ્રાંતીય શ્રમિકે ગળાફાંસો ખાતા કરૂણ મોત

**વતન જવાની ટિકિટ કન્ફર્મ થતી નહોતી**

બાબરા, તા.૦૮

બાબરામાં નીલવડા રોડ પર આવેલી જીઆઈડીસીમાં એક પરપ્રાંતીય શ્રમિકે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. યુવકની વતન જવાની ટિકિટ કન્ફર્મ થતી ન હોવાથી લાગી આવતાં તેણે આ પગલું ભર્યું હતું. બનાવ અંગે મૂળ આસામના ગોસાઈગાંવ તાલુકાના મેચપરા ગામના અને હાલ બાબરામાં નીલવડા રોડ પર આવેલી જીઆઈડીસી-૨, ખેડૂત એગ્રીટેક કોટન મીલ પાસે રહેતા મણીભાઈ રમણીભાઈ રોય (ઉ.વ.૩૮) એ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ નઈદાભાઈ રમણીકભાઈ રોય (ઉ.વ.૩૪)ને વતનમાં જવાની ખૂબજ ઈચ્છા હતી અને ટિકિટ બુકીંગ (કન્ફર્મ) ન થતા મનમાં લાગી આવ્યું હતું. જેથી તેણે પોતાની મેળે પતરાના શેડના લોખંડના પાઈપ સાથે કાથીની દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# બિહારની મતદાર યાદીમાં સાફસફાઇ જરૂરી

જે આ દેશના નાગરિકો છે, જે માતૃભૂમિને વફાદાર છે તેવા લોકોને જ ચૂંટણીમાં મત આપવાનો અધિકાર છે બાકી રાષ્ટ્રવિરોધીઓ અને પરાણે ભારતમાં ઘૂસેલા લોકોને મત આપવાનો કોઈ અધિકાર નથી. આજે આ લોકોને વીણી વીણીને સાફ કરવાનો ભારત સરકારે નિર્ણય કર્યો છે અને આથી જ બિહારમાં નવેસરથી મતદાર યાદીઓ તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. મતદાર યાદીની સુધારણા અતિ જરૂરી છે કારણ કે બિહાર, પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોની અંદર રાષ્ટ્રવિરોધી તત્વો લાખોની સંખ્યામાં ઘૂસી ગયા છે જે લોકો ભારતને તોડવા માંગે છે. આવા લોકોને મતદાનથી વંચિત રાખવા જરૂરી છે. જે લોકો ભારતના છે જ નહીં, જે લોકો બાંગ્લાદેશી જ છે, જે લોકો પાકિસ્તાની છે અને ભારતમાં ઘૂસેલા છે, ખોટા આધાર બનાવેલા છે તે લોકોને બધાથી દૂર કરવા માટે સરકાર જે કરી રહી છે તે વ્યાજબી છે. આમ જ થવું જોઈએ જેથી વિરોધપક્ષોએ રચેલી માયાજાળ નાબૂદ થઈ શકે. રાષ્ટ્રવિરોધીઓ ઘૂસેલા છે તેની ઓળખ થવી જોઈએ. ચૂંટણી પંચની આ કાર્યવાહી સામે વિરોધપક્ષો સખત નારાજ છે અને તેનો વિરોધ કરી રહ્યા છે કારણ કે ગેરકાનૂની રીતે ઘૂસેલા લોકો જ એ લોકોનો જીતવાનો આધાર છે. બિહારમાં વિધાનસભાની ચૂંટણીમાં ધ્યાન રાજકીય ગઠબંધન કે પક્ષના ઢંઢેરાઓ પર નહીં, પણ મતદાર યાદી પર છે. આ મતદાર યાદી તૈયાર કરવા અંગે મોટો વિવાદ ચાલી રહ્યો છે. બિહારમાં પહેલેથી જ એક મતદાર યાદી છે, જે યોગ્ય પ્રક્રિયા દ્વારા તૈયાર કરાયેલી છે. આપણે તેને આધાર યાદી કહી શકીએ છીએ. ૨૪ જૂન ૨૦૨૫ના રોજ ભારતના ચૂંટણી પંચે અચાનક નવી મતદાર યાદી તૈયાર કરવાનો આદેશ બહાર પાડ્યો. આ નવી યાદી મુખ્યત્વે આધાર યાદીની ચકાસણી કરીને તૈયાર કરવામાં આવી રહી છે. બૂથ લેવલ ઓફિસર (બીએલઓ)ને એ આધાર યાદીમાં સમાવિષ્ટ તમામ લોકોને એક ફોર્મ આપવાનું હોય છે, જેમાં આધાર યાદીમાંથી તેમની માહિતી પહેલાથી જ છાપેલી હોય છે. બીએલઓ તેમને આ ફોર્મ ભરવામાં, તેમનો ફોટો અને સહી લેવામાં અને ફોર્મ અપલોડ કરવામાં મદદ કરશે તેવી અપેક્ષા રખાય છે. આ બધું એક મહિનાની અંદર (૨૬ જુલાઈ સુધીમાં) કોઈ ખાસ તૈયારી વિના થવાનું હતું. આવી સ્થિતિમાં તમે અંધાધૂંધીની કલ્પના કરી શકો છો. પ્રાપ્ત માહિતીના આધારે, સમયના દબાણને કારણે બીએલઓ ઘણીવાર નિયમોનો ભંગ કરી રહ્યા છે. ઘણી વખત તેઓ ફક્ત આધાર કાર્ડ અને ફોન નંબર એકત્રિત કરી રહ્યા છે અને નકલી સહીઓ સાથે ફોર્મ અપલોડ કરી રહ્યા છે. આ વાત ઘણા સ્ત્રોતો દ્વારા બહાર આવી છે, જેમ કે ૨૧ જુલાઈના રોજ પટનામાં યોજાયેલી જાહેર સુનાવણી, અજિત અંજુમનો અહેવાલ અને ભારત જોડો અભિયાનનો સરવે. ફોર્મ ભરનારા બધા લોકોનો સમાવેશ ૧ ઓગસ્ટના રોજ જાહેર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં કરાયો છે. આ યાદીમાં ફક્ત ૭.૨૪ કરોડ મતદારો છે, જ્યારે આધાર યાદીમાં ૭.૮૯ કરોડ મતદારો હતા. રાહુલ શાસ્ત્રી અને યોગેન્દ્ર યાદવે જણાવ્યું છે તેમ, આનો અર્થ એ છે કે ડ્રાફ્ટ મતદાર યાદીમાં બિહારની અંદાજિત પુખ્ત વસ્તીના ફક્ત ૮૮% લોકોનો સમાવેશ થાય છે, જ્યારે આધાર યાદીમાં ૯૭% લોકોનો સમાવેશ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, બિહારની ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી લાખો લોકો બાકાત રહી ગયા છે. આ બાકાત લોકો જો ભારતના નાગરિકો હોય તો તેનો સમાવેશ નવી યાદીમાં કરવો જોઈએ. જે લોકો યાદીમાં નથી તેને આ દેશમાંથી કાયમ માટે કાઢી મુકવાની જરૂર છે.

# આનંદનો ઉત્સવ એટલે રક્ષાબંધન- નાળિયેરી પૂનમ

પ્રાસંગિક
સુરેશ દેસાઇ

ઉત્સવો આપણી સંસ્કૃતિનો પ્રાણ છે એમાંય ખાસ કરીને શ્રાવણ મહિનો એટલે અનેક તહેવારોનો સમૂહ. એમાંય જન્માષ્ટમી, શીતળા સાતમ અને રક્ષાબંધન અનેરૂ મહત્વ ધરાવે છે. ભાઈ-બહેનના અનન્ય સ્નેહ અને રક્ષણનું પવિત્ર બંધન એટલે રક્ષાબંધન. ભારતીય સંસ્કૃતિમાં રક્ષાબંધનનો તહેવાર ભાઈ-બહેનના પવિત્ર સંબંધોને સમર્પિત એક અનોખો ઉત્સવ છે. આ પર્વ શ્રાવણ માસની પૂર્ણિમાના દિવસે ઊજવવામાં આવે છે, જેને ગુજરાતમાં 'નાળિયેરી પૂનમ' અથવા 'બળેવ' એવો થાય છે. આ દિવસે બહેન ભાઈની કલાઈ પર રાખડી બાંધે છે અને ભાઈ બહેનની રક્ષા કરવાનું વચન આપે છે. આ પર્વની ઐતિહાસિકતા અનેક પૌરાણિક કથાઓ સાથે જોડાયેલી છે. એક પ્રચલિત કથા મુજબ, જ્યારે ઈન્દ્રદેવને ઋષિ દુર્વાસાના શાપને કારણે સ્વર્ગ ગુમાવવું પડ્યું હતું, ત્યારે દેવમાતા અદિતિએ ભગવાન વિષ્ણુની આરાધના કરી. વિષ્ણુએ વામન અવતાર ધારણ કરી બલિરાજા પાસેથી ત્રણ પગલામાં ત્રણેય લોકનું માપ લઈ લીધું. જ્યારે ભગવાન વિષ્ણુ બલિના રક્ષક બન્યા, ત્યારે માતા લક્ષ્મીએ બલિના બહેન બની રક્ષાસુત્ર બાંધ્યું અને આમ આ પર્વની શરૂઆત થઈ અને ભગવાન વિષ્ણુને બચાવી લીધા. મહાભારત યુગમાં પણ માતા કુંતીએ અભિમન્યુને રાખડી બાંધીને આશીર્વાદ આપ્યા હતા. રાખડી એ માત્ર એક દોરો નથી, પણ તે સ્નેહ, વિશ્વાસ અને રક્ષણનું પ્રતીક છે. આજે પણ બહેનો ભાઈની કલાઈ પર રાખડી બાંધે છે, તિલક કરે છે અને મીઠાઈ ખવડાવે છે, જે ભાઈની લાંબી ઉમર અને સુખ-સમૃદ્ધિની કામના દર્શાવે છે. જવાબમાં ભાઈ બહેનને ભેટ આપે છે અને જીવનભર તેની રક્ષા કરવાનું વચન આપે છે. રક્ષાબંધન માત્ર એક રીતરિવાજ નથી, પરંતુ તે ભાઈ-બહેનના અખૂટ સ્નેહનું પ્રતીક છે. બહેનનો આશીર્વાદ ભાઈ માટે એક અજેય રક્ષાકવચ સમાન છે, તો ભાઈનું વચન બહેન માટે અડગ વિશ્વાસનું પ્રતીક છે. આ પર્વ પરિવારના પ્રેમ અને એકતાનો સંદેશ આપે છે. આજના યુગમાં જ્યાં સંબંધો ધીમે ધીમે ક્ષીણ થતા જાય છે, ત્યાં રક્ષાબંધન જેવા પર્વો આપણને સંબંધોનું મહત્વ યાદ અપાવે છે. ભાઈ-બહેનના આ અનન્ય સંબંધને મજબૂત બનાવતું આ પર્વ સમગ્ર ભારતવર્ષમાં ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ઊજવવામાં આવે છે. નાળિયેરી પૂનમ એ દરિયાદેવનો તહેવાર છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેનાર સમાજ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, ખાસ કરીને માછીમાર અને સાગરખેડૂ સમુદાય માટે. આ તહેવાર શ્રાવણ મહિનાની પૂર્ણિમાએ આવે છે અને તેને શ્રાવણી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. આ તહેવાર દરમિયાન દરિયાનાં દેવતા એટલે કે દરિયાદેવની પૂજા કરવામાં આવે છે. લોકો દરિયા કિનારે ભેગા થાય છે અને વિશેષ રીતે પૂજા-અર્ચન કરે છે. આ વખતે લોકો નાળિયેર, ફૂલો અને ચોખા લઈને દરિયાનાં જળમાં અર્પણ કરે છે. આ દિવસે નાળિયેર દરિયામાં છોડીને તે દરિયાદેવના બલિ રૂપે સ્વીકારવામાં આવે છે. આ ઋતુમાં જ્યારે આ માસ પૂરો થાય છે અને દરિયામાં ફરીથી માછીમારી શરૂ કરવાની મંજૂરી મળતી હોય છે, ત્યારે નાળિયેરી



પૂનમ આવતી હોવાથી સમાજ આ તહેવારથી દરિયામાં જવાનો શુભ આરંભ કરતો હોય છે. માછીમારો પોતાની નાવ કે નૌકામાંથી દરિયામાં પુનઃ પ્રવેશતા પહેલાં દરિયાદેવની કૃપા માટે પ્રાર્થના કરે છે કે આવતા વર્ષે પણ દરિયો તેમને મોહલત આપે અને તેમની રોજગારમુલક જરૂરિયાતોને પૂરી કરે. આજે જ્યારે આપણા સમાજમાં, આપણા દેશમાં બહેન દીકરીઓની સલામતી જોખમમાં છે ત્યારે દરેક પુરુષની ફરજ બની જાય છે કે તે ભાઈ બનીને બહેનનો બચાવ કરે. આ તમારી જ બહેન હોય તે જરૂરી નથી કોઈ પણ બહેન બીજાની તો બહેન છે જ. તો એને પણ રાષ્ટ્રવિરોધી, સમાજવિરોધી તત્વથી બચાવવવી જરૂરી છે. આવું કામ કરવામાં આવે તો રક્ષાબંધન સાર્થક થઈ શકે. આજની તારીખે આપણા દેશમાં અનેક બહેનો અસલામતી અનુભવે છે. ત્યારે દરેક પુરુષની ફરજ બને છે કે ભાઈ બનીને બહેનની રક્ષા કરે. બાકી રક્ષાબંધનતો સદીઓથી ઉજવવામાં આવે છે. આ દિવસે બહેન ભાઈના હાથે રાખડી બાંધે છે અને રક્ષાબંધનનો તહેવાર પણ વિશ્વાસ અને પ્રેમ સાથે ઉજવવામાં આવે છે. આ રીતે આ તહેવાર કુટુંબજનો અને સમુદાય વચ્ચે સંબંધો મજબૂત બનાવે છે. રક્ષાબંધનના દિવસે નાળિયેરી પૂનમ પણ ઉજવવામાં આવે છે. દરિયાદેવ પાસે માછીમાર સમાજ તેમને કુદરતી આફતોથી રક્ષે, ઉપયોગી દરિયાઈ સંપત્તિ અખુટ ભરે અને જીવનમાં શાંતિ અને સમૃદ્ધિ રહે એવી અભ્યર્થના કરે છે. નાળિયેરી પૂનમ તહેવાર માત્ર ધાર્મિક ઉજવણીનો નથી, પરંતુ તેમાં કુદરત પ્રત્યેના આભારની ભાવના પણ આવે છે. દરિયો, જેના પર આ સમાજનું જીવન નિર્ભર છે, તેની મહત્તા અને પૂજ્યતા દર્શાવવામાં આવે છે. આ તહેવાર સામૂહિકતાનું પણ દ્યોતક છે, જ્યાં આખુ ગામ કે સમાજ એકત્ર થઈ દેવતા પ્રત્યે શ્રદ્ધા ધરાવે છે. સમુદ્ર જેટલો વિશાળ છે, એટલી જ વિશાળ તેમની શ્રદ્ધા હોય છે. નાળિયેરી પૂર્ણિમાનું મહત્વ માત્ર ધાર્મિક નથી પણ આ તહેવાર જીવન જીવવાની પદ્ધતિ, કુદરત સાથેના સંબંધ, સામુદાયિક ભાવના અને સાંસ્કૃતિક રીતરિવાજોને ઉજાગર કરે છે. ટૂંકમાં નાળિયેરી પૂનમ દરિયાકાંઠાની જીવનશૈલીની એક આવશ્યક અભિવ્યક્તિ છે. યજ્ઞોપવિત એટલે જનોઈ. જનોઈ એટલે શું? તે શા માટે પહેરવામાં આવે છે અને તેનું મહત્વ શું છે? તે ક્યારે બદલાવવામાં આવે છે? જનોઈ એટલે યજ્ઞોપવિત બદલાવવાનો પવિત્ર દિવસ. જનોઈને પવિત્ર ત્રિસૂત્ર પણ કહે છે. જનોઈ એ સુતરનું બનેલું ત્રણ દોરાવાળું સૂત્ર છે, જે હિંદુ પુરુષો વિધિપૂર્વક પહેરે છે. આ સંસ્કાર બાલ્યાવસ્થામાં, કિશોરાવસ્થામાં અથવા લગ્ન પહેલાં કરવામાં આવે છે, જેને હિંદુ ધર્મમાં અત્યંત મહત્વ આપવામાં આવેલું છે. જનોઈ પહેરવાનું કારણ એ છે કે તે વ્યક્તિને ધાર્મિક તથા પૂજા-પાઠ, યજ્ઞ વગેરે કરવાના અધિકાર આપે છે. સમગ્ર બળ અને વિચારશક્તિ સારી રહેવા માટે સાથે તેના નિયમોનું પાલન પણ જરૂરી હોય છે. જનોઈના ત્રણ દોરા દેવરુણ, પિતૃઋણ અને ઋષિરુણનું પ્રતીક છે. વધુમાં તે શરીરના નવ દ્વારોની સાથે બ્રહ્મ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષની વાત પણ દર્શાવે છે. ઈતિહાસ અનુસાર, પણ ઉપનયન વિધિ પછી બાળક 'દ્વિજ' એટલે બીજો જન્મ પામે છે. મનુના જણાવ્યા અનુસાર, યજ્ઞોપવિત વિધિ વિના ધર્મ, જ્ઞાન અને યજ્ઞ-કર્મ કરવા અધિકાર નથી મળતો. સાધારણ રીતે, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વર્ણમાં જનોઈ સંસ્કાર અનિવાર્ય માનવામાં આવે છે, પરંતુ આજકાલ ઘણાં વિષે વર્ણ ભેદ નિવાર્ય છે. જનોઈ બદલવાની ખાસ વિધિ છે. તે દર વર્ષે શ્રાવણ મહિનાની પૂર્ણિમાના દિવસે ધાર્મિક પૂજા-વિધિથી બદલી શકાય છે, જેને શ્રાવણી ઉપકર્મ કહે છે. જો જનોઈનો કોઈ દોરો તૂટી જાય, ૬ મહિના કરતા વધુ સમય થાય, અથવા મૃત્યુ તેમજ દુઃખદ પ્રસંગો બાદ પણ જનોઈ બદલવાની જરૂર હોય છે. જનોઈ ભારતીય સંસ્કૃતિ ઉપરાંત આપણે આપણી અંદર પવિત્રતા, અહંકારનો ત્યાગ અને સારા સંસ્કારોને પોષણ આપે છે. નિયમો અનુસાર, શૌચક્રિયા કરતાં પહેલા જનોઈને કાન પર ચઢાવવાની માન્યતા છે, તેનો વૈજ્ઞાનિક આધાર પણ છે તે ચેતાસ્થાન પર દબાણ લાવે છે, જેના કારણે શરીરમાં સ્વાસ્થ્ય માટે લાભ પણ છે. આથી જનોઈ ધારણ કરવું માત્ર ધાર્મિક સંસ્કાર નથી, પણ આધ્યાત્મિક શુદ્ધિ, જીવનમાં નવા ગુણોના સંસ્કાર અને ઉત્ક્રાંતિની શોધરૂપ છે. આમ રક્ષાબંધન એક નહીં પણ એક સાથે ત્રણ તહેવારોનો ત્રિવેણી સંગમ છે. જોકે આજે તેનું મહત્વ ધીમે ધીમે ઘટતું જાય છે આમ છતાં ભારતીય સંસ્કૃતિના પરંપરાગત તહેવારોને ઉજવવા માટે આપણે તૈયાર રહેવું જોઈએ. આજે સમયને અનુરૂપ તેના સુચિતાર્થ બદલાય તે જરૂરી છે. બહેન રાખડી બાંધે એનો અર્થ હવે એવો કરવો જોઈએ કે કોઈપણ બહેન દીકરીનું રક્ષણ કરવાની જવાબદારી આપણા સમાજના ભાઈઓ પર આવી ગઈ છે અને આ ફરજ નિભાવવાથી રક્ષાબંધન સાર્થક થઈ શકે.

## શબ્દ સંજોગ-૨૦૫૦



**આડી ચાવી :**
(૧) શિક્ષણ આપનાર (૩)
(૩) સુંદર હાસ્યવાળી (૪)
(૬) એક પારસી અટક (૨)
(૭) ઉજાણી, પર્યટન (૪)
(૯) ઈંટ અથવા નળિયાને ખૂબ તપાવીને તેના રસનો બનાવેલો કીટો (૩)
(૧૧) લીલા રંગનું એક રત્ન (૩)
(૧૩) શાસ્ત્ર, કળા (૩)
(૧૪) આવવુ તે (૪)
(૧૫) લાભ, ફાયદો (૨)
(૧૭) એક જાતની ધાર્મિક ક્રિયા (૩)
(૧૮) એક વનસ્પતિ જેના મૂળનું અથાણુ થાય (૪)
(૨૧) બાણનું પીછું (અ) (૨)
(૨૨) છલકાય તેમ-છેક સુધી ભરેલુ (૪)
(૨૫) પાણીનો ઘાટ, જળાશય (૪)
(૨૬) થપ્પડ, તમાચો (૪)
(૨૮) એક છંદ (અ) (૨)
(૨૯) ઘડિયાળનો અવાજ (૪)

**ઉભી ચાવી :**
(૧) મેલ કાપનારી એક વનસ્પતિ (૪)
(૨) ક્ષમાવાળું (૪)
(૩) ચંદનના ઝાડનું સુગંધીદાર લાકડું (૩)
(૪) પાયમાલી, નાશ (૨)
(૫) હથિયાર ઘસીને સાફ કરનારો (૫)
(૮) સુખચેન, આરામ (૩)
(૧૦) પુષ્કળ, અતિશય (૪)
(૧૨) ગાલની ઉપરનો કાન આગળનો માથાનો ભાગ (૩)
(૧૪) અગન, લાય (૨)
(૧૬) ખૂંચે એવી સપાટીવાળું (૪)
(૧૮) ગજદળનો નાયક (૪)
(૧૯) જવું - રવાના થવું તે (૪)
(૨૦) ભક્ષ કરનાર, ખાનાર (૩)
(૨૩) પાણીનું બેડું (૩)
(૨૪) ઝડપ, ઝપટ (૩)
(૨૭) ટપાલ, પત્ર (૨)

## શબ્દ સંજોગ-૨૦૪૯ જવાબ

**આડી ચાવી:** (૧) પેશીનગોઈ (૫) માભોમ (૮) શાતન (૯) જામનગર (૧૧) નીલ (૧૨) આરોહી (૧૩) લાર (૧૪) ચરવો (૧૬) સરસ (૧૭) યખ (૧૮) બરણી (૨૦) નતીજો (૨૨) દવા (૨૩) હારીલ (૨૫) માણીગર (૨૭) તરતમ (૩૦) જકડ (૩૧) માગણ.
**ઉભી ચાવી:** (૧) પેશાની (૨) શીતલ (૩) નન (૪) ઈજારો (૫) માન (૬) ભોગ (૭) મરજીવો (૧૦) મહી (૧૨) આરસ (૧૩) લારણી (૧૪) ચયન (૧૫) રખતી (૧૬) સરવાણી (૧૮) બદમાશ (૧૯) જરી (૨૧) જોખામણ (૨૩) હારક (૨૪) લત (૨૬) ગજ (૨૮) રમા (૨૯) તગ(ગત).

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૧૧ | ૧૬૭૪ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૪૮ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૭૦૯ | ૮૦૬ |
| જુવાર લાલ | ૬૦૦ | ૮૧૦ |
| બાજરી | ૩૨૫ | ૫૨૫ |
| તુવેર | ૧૧૬૯ | ૧૩૪૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૨૧૦ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૨૦૭૦ |
| અડદ | ૧૨૧૦ | ૧૫૧૬ |
| મગ | ૧૨૯૨ | ૧૬૨૬ |
| વાલ દેશી | ૬૫૧ | ૧૨૨૦ |
| ચોળી | ૮૩૫ | ૧૪૦૦ |
| વટાણા | ૧૫૦૯ | ૨૪૫૦ |
| કળથી | ૫૪૦ | ૭૨૦ |
| રાજમા | ૧૧૫૦ | ૨૧૩૦ |
| સીંગદાણા | ૧૩૧૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૯૨૫ | ૧૧૬૧ |
| મગફળી જીણી | ૯૨૫ | ૧૧૨૪ |
| તલી | ૧૪૦૦ | ૧૯૪૦ |
| એરંડા | ૧૧૩૦ | ૧૩૦૦ |
| અજમો | ૧૦૯૦ | ૧૯૯૦ |
| સુવા | ૧૦૨૫ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૮૦ | ૯૧૬ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૩૨૫ |
| કાળા તલ | ૨૭૪૧ | ૪૦૫૧ |
| લસણ | ૪૪૫ | ૬૭૮ |
| ધાણા | ૧૩૧૧ | ૧૪૫૭ |
| ધાણી | ૧૩૨૫ | ૧૪૮૨ |
| વરીયાળી | ૯૭૫ | ૧૫૯૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૬૦૮ |
| રાય | ૧૨૮૦ | ૧૫૮૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૬૦ |
| ઇસબગુલ | ૧૪૫૦ | ૧૪૫૦ |
| અશેરીયો | ૧૦૮૯ | ૧૩૫૦ |
| કલોંજી | ૨૮૦૦ | ૪૧૨૧ |
| રાયડો | ૧૨૦૦ | ૧૨૯૦ |
| રજકાનું બી | ૪૭૫૦ | ૬૪૫૦ |
| ગુવારનું બી | ૯૧૧ | ૯૭૨ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૦૦ | ૫૧૦ |
| પપૈયા | ૧૬૦ | ૨૪૦ |
| બટેટા | ૧૫૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૪૦ |
| ટમેટા | ૫૦૦ | ૧૨૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૩૦૦ |
| મુળા | ૧૧૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૩૦ |
| કોબીજ | ૧૫૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૯૦ |
| ચોળાસીંગ | ૧૫૦ | ૬૫૦ |
| વાલોળ | ૭૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૧૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૩૫૦ |
| તુરીયા | ૨૦૦ | ૬૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૫૦ |
| ગાજર | ૨૦૦ | ૫૦૦ |
| કંટોળા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૨૫૦ |
| બીટ | ૨૮૦ | ૫૨૦ |
| મેથી | ૭૦૦ | ૮૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૧૦૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૨૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૦૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૨૧ | ૧૬૨૬ |
| ઘઉં લોકવન | ૫૩૪ | ૫૭૮ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૫૬ |
| મગફળી જીણી | ૭૨૬ | ૧૧૦૧ |
| સિંગદાણા જાડા | ૧૨૦૦ | ૧૩૯૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૮૦૧ | ૧૩૧૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૬૬૧ |
| કલંજી | ૧૫૦૧ | ૪૦૩૧ |
| ધાણા | ૯૫૧ | ૧૫૩૧ |
| લસણ સુકું | ૫૦૧ | ૮૩૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૩૨૧ |
| અડદ | ૧૧૪૧ | ૧૪૫૧ |
| મઠ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૨૮૧ |
| રાય | ૧૪૦૧ | ૧૪૮૧ |
| મેથી | ૬૦૧ | ૯૫૧ |
| કાંગ | ૨૫૧ | ૬૩૧ |
| મગફળી જાડી | ૭૪૧ | ૧૧૬૬ |
| સફેદ ચણા | ૧૧૮૧ | ૨૦૩૧ |
| મગફળી નવી | ૬૦૦ | ૧૦૩૬ |
| ધાણી | ૧૦૫૧ | ૧૬૫૧ |
| બાજરો | ૩૦૧ | ૪૯૧ |
| જુવાર | ૩૫૧ | ૮૦૧ |
| મકાઇ | ૨૫૧ | ૩૫૧ |
| મગ | ૧૧૦૧ | ૧૭૦૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૨૦૧ |
| વાલ | ૬૦૧ | ૧૦૭૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૯૮૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૦૬ |
| અજમાં | ૯૫૧ | ૧૩૫૦ |
| ગોગળી | ૬૦૦ | ૧૧૦૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૬૦૦ |
| કાકડી | ૬૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૩૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૨૪૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૩ | ૪ |
| તાંજરીયા પુરા | ૨ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૧૨ |
| મૂળા પુરા | ૨ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૧૦ |
| કંટોલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૫૦૦ |
| લીંબુ | ૮૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૧૬૦ | ૮૦૦ |
| કારેલા | ૧૬૦ | ૩૬૦ |
| વાલોર | ૪૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૩૮૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૨૮૦ | ૧૨૦૦ |
| મકાઇ ડોડા | ૧૦૦ | ૫૦૦ |
| લસણ પુરા | ૭ | ૮ |
| પાલક પુરા | ૨ | ૫ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૩૦ | ૧૦૦૨ |
| શિંગ મોટી | ૮૩૫ | ૧૧૨૧ |
| શિંગ દાણા | ૧૧૦૦ | ૧૩૯૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૬૧ |
| તલ સફેદ | ૧૦૩૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૦૧૨ |
| તલ કાશ્મીરી | ૧૩૫૦ | ૨૨૩૬ |
| બાજરો | ૨૫૩ | ૩૬૫ |
| જુવાર | ૩૧૦ | ૮૦૪ |
| ઘઉં ટુકડા | ૩૮૫ | ૫૮૧ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૮૩ |
| ચણા | ૯૩૦ | ૧૧૮૭ |
| ચણા દેશી | ૧૧૬૨ | ૧૨૨૧ |
| ચણા સફેદ | ૮૩૦ | ૧૧૭૧ |
| ચણા છોલે | ૧૪૦૦ | ૧૮૬૬ |
| ચોળી | ૫૨૦ | ૮૦૦ |
| તુવેર | ૧૦૯૧ | ૧૨૩૫ |
| કપાસ | ૯૯૦ | ૧૬૮૮ |
| નવો કપાસ | ૫૨૦૨ | ૫૨૦૨ |
| એરંડા | ૮૦૦ | ૧૨૬૬ |
| જીરૂ | ૧૪૦૦ | ૩૩૭૫ |
| ધાણા | ૮૬૫ | ૧૩૧૫ |
| મેથી | ૬૭૦ | ૯૦૫ |
| સોયાબીન | ૭૩૦ | ૯૧૨ |
| સુવાદાણા | ૧૦૧૦ | ૧૦૧૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૫૦ | ૩૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શકકરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ટામેટા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૨૫૦ | ૩૦૦ |
| કારેલા | ૨૦૦ | ૩૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મુળો | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વટાણાં | ૨૨૦૦ | ૨૪૦૦ |
| ચોળા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| કંટોલા | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| શીંગ ઓળા | ૫૫૦ | ૬૫૦ |
| લીમડો મીઠો | ૨૨૦ | ૨૮૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| ચીભડા | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૭૦ |
| લસણ લીલુ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૫૦ | ૨૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૫૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૨૦ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૨૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૪૦૪૫ |
| કપાસ | ૧૦૫૧ | ૧૬૪૬ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૪૯ | ૫૩૩ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૪૪ |
| બાજરો | ૩૨૫ | ૪૦૦ |
| જુવાર | ૫૭૦ | ૭૨૦ |
| મકાઈ | ---- | ૫૬૫ |
| મગ | ૧૩૨૧ | ૧૬૫૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૭૧ |
| ચણા | ૯૦૦ | ૧૧૨૧ |
| તુવેર | ૯૦૦ | ૧૧૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૮૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૯૯૦ | ૯૯૦ |
| તલ સફેદ | ૧૨૭૫ | ૧૮૦૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૯૦૧ |
| તલ પીળા | ૧૮૭૧ | ૧૮૭૧ |
| કપાસ | ૧૧૦૨ | ૧૧૦૨ |
| બાજરો | ૩૬૧ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૫૮૫ | ૬૦૦ |
| જુવાર | ૭૨૦ | ૭૫૧ |
| મગ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| અડદ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| ચણા | ૧૦૦ | ૧૧૯૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૦૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૧૩૧ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૩૯ |
| કપાસ મીડીયમ | ૧૪૯૦ | ૧૫૬૦ |
| મગફળી | ૧૦૩૦ | ૧૦૮૦ |
| તલ સફેદ | ૧૫૧૫ | ૧૭૫૫ |
| તલ કાળા | ૨૪૧૦ | ૩૯૦૦ |
| જીરૂ | ૨૯૫૦ | ૩૪૫૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૦૫ |
| ચણા | ૧૦૧૬ | ૧૧૫૪ |
| મગ | ૧૦૫૦ | ૧૨૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| ઘઉં | ૫૩૭ | ૫૫૪ |
| ચણા | ૧૦૫૫ | ૧૧૩૧ |
| તુવેર | ૮૯૯ | ૧૧૫૦ |
| તલ | ૧૭૯૫ | ૧૭૯૫ |
| ધાણા | ૧૧૦૫ | ૧૨૯૫ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૪૪૫ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૨૫ |
| શીંગ દાણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| મેથી | ૭૨૦ | ૭૨૦ |
| તુવેર | ૮૦૦ | ૧૧૦૦ |
| મગફળી | ૭૭૦ | ૭૭૦ |
| ચણા | ૧૦૪૦ | ૧૧૫૫ |
| ચણા સફેદ | ૧૦૪૦ | ૧૧૦૮ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૬૦ |
| મગ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| શીંગ ફાડા | ૧૨૯૦ | ૧૨૯૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી ૨૦ | ૮૫૦ | ૧૦૭૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૮૦ | ૫૪૧ |
| ઘઉં | ૪૮૦ | ૫૬૪ |
| જુવાર | ૪૦૦ | ૭૮૬ |
| ચોળી | ૮૦૦ | ૧૪૭૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૫૦૧ |
| મગ | ૧૩૦૦ | ૧૬૪૨ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૮૪ |
| સફેદ તલ | ૧૪૦૦ | ૧૮૨૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૪૦૫૨ |
| સોયાબીન | ૮૭૦ | ૯૧૩ |
| કાંગ | ૪૨૧ | ૫૬૮ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૮૦૦ | ૧૬૪૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૫૬ |
| ચણા | ૮૫૧ | ૧૧૮૬ |
| તુવેર | ૯૦૧ | ૧૨૭૬ |
| મગફળી | ૭૦૧ | ૧૦૨૧ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૨૮૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૯૧૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૨૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૧૧ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૨૭૫ | ૬૬૫ |
| બાજરો | ૨૮૫ | ૪૯૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૩૫ |
| મગ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| તુવેર | ૫૪૫ | ૧૧૭૫ |
| ચોળી | ૬૦૦ | ૧૨૧૦ |
| વાલ | ૭૧૦ | ૧૦૫૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૧૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૯૪૫ |
| મગફળી જીણી | ૮૦૦ | ૯૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૩૫ |
| તલ | ૧૫૦૦ | ૧૯૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૯૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૭૦ |
| રાઈ | ૧૨૦૦ | ૧૫૭૦ |
| લસણ | ૪૭૫ | ૧૧૧૫ |
| કપાસ | ૩૫૦ | ૧૩૧૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૬૦૫ |
| અજમો | ૮૦૦ | ૨૨૨૦ |
| ધાણા | ૭૦૫ | ૧૪૬૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ડુંગળી સૂકી | ૪૦૦ | ૨૯૦ |
| ડુંગળી નાસિક | ૨૧૦ | ૩૭૦ |
| સીંગદાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૩૪૦ | ૧૨૬૫ |
| રાજમા | ૧૦૦ | ૨૯૦ |

### મહુવા

| | | |
|---|---|---|
| એરંડા | ૧૦૮૨ | ૧૦૮૨ |
| જુવાર | ૪૬૮ | ૮૦૦ |
| બાજરી | ૩૮૯ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૯૦ |
| દેશી મગ | ૧૭૨૬ | ૧૮૪૦ |
| મગ | ૧૧૭૧ | ૧૧૭૧ |
| ચણા | ૩૫૫ | ૧૧૬૮ |
| તલ સફેદ | ૧૪૬૨ | ૧૯૯૦ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૯૩૨ |
| તુવેર | ૯૧૨ | ૯૧૨ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૩૩૪ |
| ડુંગળી સફેદ | ૧૧૧ | ૨૧૩ |
| નાળીયેર | ૬૮૫ | ૩૫૧૨ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**જેટકો કંપનીમાં પ્લાન્ટ અટેન્ડેન્ટ ગ્રેડ-૧ કક્ષાની ભરતીમાં થયેલા આક્ષેપો ફગાવી દેવાયા**

# અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘે ભરતીમાં ગેરરીતિના થયેલા આક્ષેપો મુદ્દે કલેક્ટરને આવેદન પાઠવ્યું

અમરેલી, તા.૦૮

અમરેલીમાં અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ (એજીવીકેએસ) પરિવાર દ્વારા જેટકો કંપનીમાં પ્લાન્ટ અટેન્ડેન્ટ ગ્રેડ-૧ કક્ષાની ભરતી ગેરરીતિ મામલે યુનિયન વિરુદ્ધ મિલીભગત, કથિત ભ્રષ્ટાચારના પાયા વિહોણા આક્ષેપો ફગાવવામાં આવ્યા છે. આ અંગે સંઘે કલેક્ટરને આવેદન પત્ર આપીને વિરોધ દર્શાવ્યો હતો. સમગ્ર ઘટનાની વિગતો મુજબ ૦૬.૦૮.ના રોજ યુવરાજસિંહ નામના શખ્સે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, જેટકો કંપનીમાં પ્લાન્ટ અટેન્ડેન્ટ ગ્રેડ ૧ કક્ષાની ભરતી પ્રક્રિયામાં જેટકોના તત્કાલીન ઈન્ચાર્જ જનરલ મેનેજર (એચ. આર.) તેમજ અન્ય અધિકારીઓ સાથે એજીવીકેએસની કથિત મિલીભગતમાં સદર જગ્યાઓ માટે ગેરરીતિ કરી છે. આ અંગે કામદાર સંઘે જણાવ્યું હતું કે, તેમના આ નિવેદનમાં યુનિયન વિરુદ્ધ મિલીભગત કે કથિત



ભ્રષ્ટાચારના કોઈપણ તથ્યો પુરાવા વગર બેબુનિયાદ આરોપ લગાડી અને સરકાર, કર્મચારીઓ અને ઉમેદવારોને ગુમરાહ કરતું મીડિયા સમક્ષ નિવેદન આપી ખોટો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઊર્જા વિભાગની સાતેય કંપનીમાં ૬૦ હજાર કરતાં વધુ કર્મચારીઓમાં સૌથી લોકપ્રિય અને ૩૫૦૦૦ કર્મચારીઓની સભ્ય સંખ્યા ધરાવતા અમારા કામદાર સંઘ પરિવાર વિરુદ્ધ તેમણે તદ્દન ખોટા આરોપો લગાડી બ્લેકમેઈલીંગ કરવાના ઈરાદાથી જે હીન કૃત્ય કર્યું છે તેને સંઘ પરિવાર સાંખી લેશે નહીં. આ મુદ્દે યુવરાજસિંહ પુરાવા જાહેર કરે તેવી માગણી પણ કરી છે. સાથે જો સરકાર આવા તત્વો સામે ગુનો દાખલ કરીને સખ્ત કાર્યવાહી નહીં કરે તો આવનાર દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી પણ કામદાર સંઘે ઉચ્ચારી છે.

# ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડીપો માટે રાણાવાવની પસંદગી કરવામાં આવી

**કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાના પ્રયાસને કારણે રેલવે મંત્રાલયે મંજૂરી આપી**

અમરેલી,તા.૦૮

પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાના પ્રયાસોથી આ વિસ્તારમાં ઔદ્યોગિક અને રોજગાર લક્ષી વિકાસને એક મોટી સફળતા મળી છે. રેલવે મંત્રાલય દ્વારા રાણાવાવ



ખાતે વંદે ભારત ટ્રેનો માટે રૂ.૧૩૫.૫૮ કરોડના ખર્ચે અત્યાધુનિક ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડીપોના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી પોરબંદર અને આસપાસના વિસ્તારોમાં ઉદ્યોગ અને રોજગાર નિર્માણને વેગ મળશે. આ પ્રોજેક્ટ હેઠળ રાણાવાવ ખાતે વંદે ભારત ટ્રેનોની જાળવણી અને સાર-સંભાળ માટે જરૂરી તમામ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવશે. આ ડીપો વંદે ભારત ટ્રેનોની ઓપરેશનલ કાર્યક્ષમતા અને ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે.

# મોટા ગોખરવાળા ગામ નજીક શેત્રુંજી નદીમાં યુવકનું ડૂબી જવાથી મોત

અમરેલી,તા.૦૮

શુક્રવારના રોજ બપોરે ૩:૧૫ કલાકે અમરેલી ફાયર કંટ્રોલ રૂમમાં મોટા ગોખરવાળા અને દેવળીયા ગામ વચ્ચે શેત્રુંજી નદીમાં એક વ્યક્તિ ડૂબી ગયાની ફાયર ઓફિસને જાણ કરવામાં આવી હતી. જાણ થતા જ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ત્રણ કલાકની ભારે જહેમત બાદ, ફાયર ટીમે ડૂબી ગયેલા વ્યક્તિનો મૃતદેહ બહાર કાઢ્યો



હતો. પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ ૩૫ વર્ષીય પરપ્રાંતીય મજૂર મુકેશભાઈ કટારા તરીકે થઈ છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રૂરલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બાબરાના કરિયાણા ગામે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અંગે માર્ગદર્શન અપાયું

અમરેલી,તા.૦૮

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલીના હેડ કોન્સ્ટેબલ નૈતિકભાઈ બાબરીયા તથા કોન્સ્ટેબલ સમીરભાઈ ખાન દ્વારા, તા.૦૮ના રોજ ચાણક્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા-કરિયાણા(બાબરા) ખાતે વિદ્યાર્થીઓને સાયબર લગત



માહિતી આપવા માટે સાયબર ક્રાઈમ અવરનેસ લગત પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ તેમજ લોકો સાથે વિવિધ રીતે થતા સાયબર ક્રાઈમ ફ્રોડ, જેવા કે સ્ક્રીન શેરિંગ એપ, ઓ. ટી.પી. ફ્રોડ, કસ્ટમર કેર નંબર ફ્રોડ, શિપિંગ શુલ્ક, ન્યુડ વીડિયો કોલ, આર્મીમેનનું નામ ધારણ કરવું જેવી વિવિધ તરકીબોથી લોકો ભોગ બનતા હોય છે જે અંગે તેઓને સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે તથા સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાય તેવા હેતુસર સાયબર ક્રાઈમ પ્રિવેન્શન તથા સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.

# ધારી મન મંદિર શૈક્ષણિક સંકુલ ખાતે રક્ષાબંધન પર્વ ઉજવાયું

ધારી,તા.૦૮

મન મંદિર શૈક્ષણિક સંકુલ ધારી આયોજિત રક્ષાબંધન પર્વ ૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં




આવ્યું હતું જેમાં બ્રહ્માકુમારીની બહેનોએ શાળાના બાળકોને રક્ષાબંધન વિશે અને શિક્ષણમાં કઈ રીતે એકાગ્ર રહેવું તે જણાવ્યું હતું. સંસ્થાના મેનેજીંગ ડાયરેક્ટર ભરતભાઈ વાળાએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દેવમુરારી હેમાલીબેન, આરતીબેન, શ્રુતિબેન, રામ સાહેબ, કુંદનબેને કર્યુ હતું. સંસ્થાના આચાર્ય પ્રિયંકાબેન વ્યાસની યાદીમાં જણાવાયુ છે.

# ધોરાજીમાં મેમણ મોટી જમાતની ૭ અનધિકૃત દુકાનો સીલ

ધોરાજી, તા.૦૮

ધોરાજીમાં આવેલી અંજુમને ઈસ્લામ મેમણ મોટી જમાત-સંચાલિત ૭ અનધિકૃત દુકાનોને મામલતદાર દ્વારા સીલ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. ડેપ્યુટી કલેક્ટર, ધોરાજીના આદેશ અનુસાર આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, કારણ કે આ દુકાનોનું બાંધકામ કબ્રસ્તાનની જમીન પર ગેરકાયદેસર રીતે કરવામાં આવ્યું હતું. ધોરાજી મામલતદાર




આર.કે. પંચાલ અને મામલતદાર કચેરીના રેવન્યુ વિભાગના સ્ટાફ દ્વારા ઉપલેટા રોડ પર આવેલા કબ્રસ્તાન પાસે આ દુકાનોને સીલ મારવામાં આવ્યું હતું. અગાઉ, જમાતના વહીવટકર્તાને નોટિસ પાઠવીને જણાવવામાં આવ્યું હતું કે, ડેપ્યુટી કલેક્ટરના હુકમ મુજબ આ દુકાનોનો કબજો ૭ દિવસમાં સરકારી પક્ષે સંભાળી લેવાનો રહેશે. નોટિસમાં વધુમાં જણાવાયું હતું કે, દુકાનોમાં રહેલો સામાન ૦૩/૦૮/૨૦૨૫ના રોજ સવારે ૧૧ વાગ્યા સુધીમાં સ્વેચ્છાએ ખાલી કરી દેવો, અન્યથા ૦૪/૦૮/૨૦૨૫ના રોજ સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ નોટિસ બાદ, મામલતદાર કચેરીના સ્ટાફે આજે હાજર રહીને દુકાનો સીલ કરી હતી. મામલતદાર પંચાલે મીડિયાને જણાવ્યું કે, આ કાર્યવાહી કાયદા મુજબ કરવામાં આવી છે.

**કબ્રસ્તાનની જમીન પર ગેરકાયદેસર બાંધકામ બદલ મામલતદાર દ્વારા કાર્યવાહી, મામલતદાર આર.કે. પંચાલના હસ્તે સીલિંગની કામગીરી કરાઈ**

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ૧૨૨મા 'થર્સ-ડે થોટ'નું આયોજન

સુરત, તા.૦૮

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસને કેન્દ્રમાં રાખીને દર ગુરુવારે યોજાતા 'થર્સ-ડે થોટ'નો ૧૨૨મો કાર્યક્રમ જમનાબા વિદ્યાર્થીભવન ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય વિષય 'ભાગીદારી' હતો, જેના પર અનેક ઉદ્યોગપતિઓ અને અગ્રણીઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.




આ પ્રસંગે, જાણીતા ઉદ્યોગપતિ કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, "સહયોગ આપવો તે સંસ્કૃતિ છે, પણ તેમાં નફો ભળે તો તે ભાગીદારી છે." એલ. ડી. ટેક્સટાઈલના યુવા ઉદ્યોગ અગ્રણી મિતેશભાઈ રાખોલિયાએ 'ઝાઝા હાથ રળિયામણા'ની ઉક્તિને સાર્થક કરતા કહ્યું કે, "ભાગીદારોની વ્યક્તિગત આવડત, પેઢીની તાકાત બને છે." વાસ્તુ ઘી બ્રાન્ડના ભૂપતભાઈ સુખડીયાએ વિદ્યાર્થીભવનના નિર્માણમાં સહયોગનો સંકલ્પ કર્યો હતો. તેમણે યુવાનોને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, "નોકરી કરતી વખતે મહેનતાણું શું મળે છે તેના કરતાં શીખવા શું મળે છે તે વાતને પ્રાધાન્ય આપવું જોઈએ.

# ધોરાજી શહેરમાં દુર્ગાવાહિની દ્વારા ત્રિશૂળ દીક્ષા મહોત્સવનું આયોજન

ધોરાજી,તા.૦૮

ધોરાજી પ્રખંડમાં દુર્ગાવાહિની દ્વારા તારીખ ૩ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ એક ભવ્ય ત્રિશૂળ દીક્ષા મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૧૧ દીકરીઓને પૂજ્ય સંતોના હસ્તે ત્રિશૂળ અને ભગવદ્ ગીતા આપીને હિન્દુ ધર્મ અને સંસ્કૃતિના સંસ્કારોનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. કાર્યક્રમમાં



તસવીર : નયન કુહાડીયા

અતિથિ વિશેષ તરીકે ધોરાજી નગરપાલિકાના પ્રમુખ પાયલબેન ધોળકિયા ઉપસ્થિત રહ્યા હતા. મોટી હવેલીના પૂજ્ય ગુંજન બહુજીએ દ્રૌપદીનો પ્રસંગ ટાંકીને દીકરીઓને ભગવાન કૃષ્ણનો આશ્રય લેવા અને હિન્દુ ધર્મના સંસ્કારોને જીવનમાં ઉતારવા અપીલ કરી હતી.

# 'લાલજીદાદાનો વડલો' લાઠી ખાતે આજે વિશેષ ધાર્મિક કાર્યક્રમ

**ભક્તજનોને મોટી સંખ્યામાં હાજર રહેવા આયોજક સમિતિ દ્વારા આમંત્રણ**

લાઠી,તા.૦૮

સંતોકબા મેડિકલ સેન્ટર, લાલજીદાદાનો વડલો, લાઠી ખાતે ચાલી રહેલા અગિયાર દિવસીય શ્રાવણી સત્સંગ અંતર્ગત આજે શનિવારે સાંજના ૩થી ૬ કલાકે વિશેષ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પ્રખ્યાત ધાર્મિક વક્તા નરેશભાઈ સાગર દ્વારા રામચરિત માનસ વિષય પર સત્સંગનું સુંદર વક્તવ્ય આપવામાં આવશે. સત્સંગ સાથે સંગીતના મધુર સ્વરોમાં રામાયણના મહિમાનું ગાન પણ ભક્તિભાવથી રજૂ કરવામાં આવશે, જે શ્રોતાઓને આધ્યાત્મિક આનંદ આપશે. આ ધાર્મિક કાર્યક્રમમાં ભક્તજનો અને શ્રદ્ધાળુઓને મોટી સંખ્યામાં હાજરી આપવા આયોજક સમિતિ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ધોરાજી-જામકંડોરણા વચ્ચેનો ભાદર-૨ પુલ અચાનક બંધ થતા મુસાફરો પરેશાન

ધોરાજી, તા.૦૮

ધોરાજી અને જામકંડોરણા વચ્ચેનો ભાદર-૨ પુલ વડોદરાની પુલ દુર્ઘટના બાદ ભારે વાહનો માટે બંધ કરાતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. આ નિર્ણયનો વિરોધ કરતાં રાજકોટ જિલ્લાના સહકારી અગ્રણી શામજીભાઈ દેસાઈએ જણાવ્યું કે, માર્ગ અને મકાન વિભાગે યોગ્ય મૂલ્યાંકન વિના આ નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે, સોમનાથ-જામનગર જેવા વ્યસ્ત રૂટ પર આ પુલના બંધ થવાથી વાહનોને ૪૦ કિલોમીટરનું ડાયવર્ઝન લેવું પડે છે, જેના કારણે સમય અને નાણાંનો વ્યય થાય છે. આનાથી આસપાસના ગામોના



વિદ્યાર્થીઓ અને નોકરિયાતોને ભારે હાલાકી થઈ રહી છે. શામજીભાઈએ માંગણી કરી છે કે, જો પુલ જર્જરિત હોય તો તાત્કાલિક નવો પુલ બનાવવામાં આવે અને જ્યાં સુધી નવો પુલ ન બને ત્યાં સુધી એસ.ટી. અને પેસેન્જર વાહનોને પસાર થવાની મંજૂરી આપવી જોઈએ.

# બોટાદની જ્ઞાનમંજરી વિદ્યાપીઠ ખાતે સંસ્કૃતભારતી કાર્યકર્તા અભ્યાસ વર્ગ યોજાયો

બોટાદ,તા.૦૮

બોટાદ ખાતે સંસ્કૃતભારતી ભાવનગર વિભાગનો કાર્યકર્તા અભ્યાસ વર્ગ યોજાયો હતો. જેમાં ભાવનગર, અમરેલી, બોટાદમાંથી ૨૦ જેટલા કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન સત્રમાં સંસ્કૃત ગૌરવ પરીક્ષાના ગુજરાતના અધ્યક્ષ મનોજભાઈ ઉપાધ્યાય અને શાળાના સંચાલક હિતેશભાઈ લિંબડિયા ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ સૌરાષ્ટ્ર પ્રાંત સહમંત્રી પ્રણવભાઈ



રાજ્યગુરૂ દ્વારા સંસ્કૃતભારતીનો પરિચય અપાયો હતો. પ્રાંત સદસ્યા ધનેશ્રીબેન દ્વારા કાર્યકર્તા અને કાર્યપદ્ધતિ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિભાગ સહકાર્યવાહજી ભરતભાઈ રાદડિયા દ્વારા પંચ પરિવર્તન અને સંઘ શતાબ્દી વર્ષની ચર્ચા કરવામાં આવી હતી. ભાવનગર વિભાગના સંયોજક ડૉ.અમિતભાઈ ઉપાધ્યાયે સંસ્કૃત સંભાષણ શિબિર, સંસ્કૃતભારતીના આયામોની વૃદ્ધિ, સંસ્કૃત સપ્તાહ, અખિલ ભારતીય અધિવેશનની ચર્ચા કરી હતી. સંઘના વિભાગ સંપર્ક પ્રમુખ બહાદુરસિંહ રાઓલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાંત પત્રાચાર પ્રમુખ ડૉ.મુકેશભાઈ ઈઢારિયા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્થાનિક આયોજન શાળાના આચાર્ય રાહુલભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૪૫/૨૦૨૫

અરજદાર :- શ્રી ભાનુબેન રમેશભાઈ માંડાણી
રહે. રાંઢીયા, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. દેવરાજીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દેવરાજીયા ગામમાં અરજદારશ્રી ભાનુબેન રમેશભાઈ માંડાણી તેઓના પુત્રી ધારાબેન રમેશભાઈ માંડાણીની જન્મ (તા.૦૧/૦૬/૧૯૯૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં.૧૧૫/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી હિરલબેન હરેશભાઈ મોરી
રહે.ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી એન.એમ.જાદવ રે.કોડીનાર .....અરજદાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ **......સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથીલાગતાવળગતાઓનેઆનોટીસથીજાણકરવામાંઆવેછે કે, ગીરસોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ શ્રી હરેશભાઈ વીરાભાઈ મોરી તથા શ્રી મનીષાબેન હરેશભાઈ મોરી ની પુત્રી શ્રી મોરી નિકિતાબેન હરેશભાઈ નો તા.૧૫/૦૮/૨૦૦૧ માં કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના વેલણ ગામના સને.૨૦૦૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૮/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૮/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# શરદ પવાર જૂથના સુપ્રિયા સુલે પીએમ મોદીને મળતા રાજકીય ગલિયારામાં ચર્ચા

મુંબઈ,તા.૮



મહારાષ્ટ્રના રાજકારણમાં રાજકીય ઉથલપાથલ તીવ્ર બની છે. દિલ્હીમાં એક જ દિવસમાં ઘણી મહત્વપૂર્ણ રાજકીય ઘટનાઓ બની હતી, જેનો રાજકીય અર્થ હવે ઊંડાણપૂર્વક શોધવામાં આવી રહ્યો છે. એક તરફ, મહાવિકાસ આઘાડીના નેતા અને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ દિલ્હીમાં ભારત જોડાણની બેઠકમાં હાજરી આપી હતી અને કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા હતા, જ્યારે તેમના સાથી પક્ષના વરિષ્ઠ નેતા અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ (શરદ પવાર જૂથ) ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુલે તે જ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. હવે દિલ્હીના રાજકીય ગલિયારાઓમાં આ બેઠકના સમય અંગે ઘણી ચર્ચા થઈ રહી છે. ખાસ કરીને જ્યારે સુપ્રિયા સુલે રાહુલ ગાંધીના નેતૃત્વમાં બોલાવાયેલી ભારત જોડાણની બેઠકમાં હાજરી આપવાના હતા. તેના બદલે, તેઓ બપોરે પીએમ મોદીને મળ્યા, જેને રાજકીય વિશ્લેષકોમાં "પ્રતીકાત્મક ચાલ" માનવામાં આવી રહી છે. જોકે, સુપ્રિયા સુલેએ પણ રાહુલ ગાંધીના રાત્રિભોજનમાં હાજરી આપી હતી. એટલું જ નહીં, ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના રાજ્યસભા સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ પણ વડાપ્રધાન સાથે સૌજન્ય મુલાકાત કરી હતી.

# બ્રાઝિલના રાષ્ટ્રપતિએ અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પને બદલે પીએમ મોદી સાથે ફોન પર વાત કરી

ન્યૂ દિલ્હી,તા.૦૮




બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા ડિ સિલ્વાએ ગુરુવારે વડાપ્રધાન મોદીને ફોન કર્યો હતો. આ દરમિયાન, બંને નેતાઓએ ગયા મહિને પીએમ મોદીની બ્રાઝિલ મુલાકાત અંગે ચર્ચા કરી હતી. જેમાં તેઓ વેપાર, ટેકનોલોજી, ઉર્જા, સંરક્ષણ અને કૃષિ જેવા મુદ્દાઓ પર પરસ્પર સહયોગને મજબૂત બનાવવા સંમત થયા હતા. બંને નેતાઓએ ભારત-બ્રાઝિલ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ વિકસાવવાની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો. તેમણે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. બુધવારે અગાઉ, સિલ્વાએ યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાતચીતની ઓફરને નકારી કાઢી હતી. પછી તેમણે કહ્યું હતું કે હું ટ્રમ્પને ટેરિફ પર વાત કરવા માટે ફોન કરીશ નહીં. તેના બદલે, હું

## ઈઝરાયેલના પીએમ નેતન્યાહૂએ અમેરિકન ટેરિફ સામે ભારતને ટેકો આપ્યો

પીએમ નરેન્દ્ર મોદી અને શી જિનપિંગ જેવા નેતાઓ સાથે વાત કરવા માંગુ છું. બીજી તરફ, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ અમેરિકન ટેરિફ સામે ભારતને ટેકો આપ્યો છે અને તેને એક ખાસ દેશ ગણાવ્યો છે.

# ઘૂસણખોરોને ક્યારેય મતદાનનો અધિકાર નહી મળે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

પટના,તા.૦૮



બિહારના સીતામઢીમાં માતા સીતાના જન્મસ્થળ પર પુનૌરાધમ મંદિર અને સંકુલના સર્વાંગી વિકાસ માટે વિશાળ યોજનાનું ભૂમિપૂજન યોજાયું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સીતામઢી-દિલ્હી અમૃત ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી અને જાનકી મંદિરની ડિઝાઈનનું અનાવરણ કર્યું. આ પ્રસંગે તેમણે રાહુલ ગાંધી પર વોટ બેંકનું રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે તેઓ બિહાર ચૂંટણી પહેલા હારનું કારણ આપી રહ્યા છે. આ સાથે તેમણે એસઆઈઆરની ટીકા કરવા બદલ કોંગ્રેસ અને RJD પર નિશાન સાધ્યું અને કહ્યું કે ઘૂસણખોરોને ક્યારેય મતદાનનો અધિકાર નહીં મળે.

# સીએએ પહેલા આવેલા બિન-મુસ્લિમો સામેના કેસ પાછા ખેંચવામાં આવશે નહીં : હિમંતા બિસ્વા શર્મા

(એચ.એસ.એલ),ગોવાહાટી,તા.૮

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ સ્પષ્ટતા કરી છે કે આસામ સરકારે ૨૦૧૫ પહેલા રાજ્યમાં આવેલા ગેરકાયદેસર બિન-મુસ્લિમ ઈમિગ્રન્ટ્સ સામે ફોરેનર્સ ટ્રિબ્યુનલમાં ચાલી રહેલા કેસોને સમાપ્ત કરવા માટે કોઈ ખાસ સૂચનાઓ જારી કરી નથી. તેમણે કહ્યું કે નાગરિકતા સુધારો કાયદો પહેલાથી જ આવા કેસોમાં સુરક્ષા પૂરી પાડે છે, તેથી કોઈ નવા નિર્ણયની જરૂર નથી. ગુવાહાટીમાં કેબિનેટ બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યું, "સીએએમાં જે જોગવાઈઓ છે તે હાલમાં અમલમાં છે. રાજ્ય સરકારે કોઈ નવી ખાસ સૂચનાઓ આપી નથી. જો કેબિનેટનો નિર્ણય હોત, તો મેં પોતે મીડિયાને કહ્યું હોત." કોઈ અલગ નિર્ણય લેવાની જરૂર નથી. શર્માએ એ પણ પુનરોચ્ચાર



કર્યો કે ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ પહેલા ભારતમાં પ્રવેશેલા હિન્દુ, શીખ, ખ્રિસ્તી, બૌદ્ધ, જૈન અને પારસી સમુદાયના લોકો સીએએ હેઠળ કાનૂની રક્ષણનો આનંદ માણે છે. તેમણે કહ્યું કે આ દેશનો કાયદો છે, અને જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ તેને રદ ન કરે ત્યાં સુધી તે સંપૂર્ણપણે માન્ય છે. આ માટે કોઈ અલગ નિર્ણય લેવાની જરૂર નથી. જોકે, મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્ય કેબિનેટે બે ખાસ નિર્ણયો લીધા છે, એક કોચ-રાજબોંગશી સમુદાયને લગતા કેસોનો અંત લાવવાનો અને બીજો ગોરખા સમુદાયને લગતા કેસોનો અંત લાવવાનો.

# કેનેડામાં ૨૧ વર્ષીય ભારતીય વિદ્યાર્થિનીની હત્યા, પોલીસે આરોપીની કરી ધરપકડ

ટોરેન્ટો,તા.૦૮

કેનેડામાં ફાયરિંગની ઘટનામાં ૨૧ વર્ષીય ભારતીય વિદ્યાર્થી હરસિમરત રંધાવાના મૃત્યુના સંદર્ભમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલ વ્યક્તિ પર હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સીબીસી ન્યૂઝે એક પ્રેસ કોન્ફરન્સમાં કાર્યકારી ડિટેક્ટીવ સાર્જન્ટ ડેરિલ રીડને ટાંકીને જણાવ્યું હતું કે હેમિલ્ટન પોલીસે મંગળવારે ઓન્ટારિયોના નાયગ્રા ફોલ્સથી ૩૨ વર્ષીય આરોપી જર્ડેન ફોસ્ટરની ધરપકડ કરી હતી અને તેના પર હત્યા ઉપરાંત હત્યાના પ્રયાસના ત્રણ ગુનાઓનો આરોપ મૂક્યો હતો. હરસિમરત રંધાવા મોહૌક કોલેજમાં ફિઝીયોથેરાપીનો કોર્ષ કરી રહી હતી અને તે બીજા વર્ષની વિદ્યાર્થિની હતી. ૧૭ એપ્રિલના રોજ રંધાવાને અપર જેમ્સ સ્ટ્રીટ અને સાઉથ બેન્ડ રોડના આંતરછેદ પર બસ સ્ટેન્ડ પાસે ઉભી હતી ત્યારે ગોળી વાગી હતી.

# બિલની તપાસ માટે રચાયેલી પસંદગી સમિતિના રિપોર્ટ પછી કેન્દ્ર સરકારે આવકવેરા બિલ પાછુ ખેંચ્યું

ન્યૂ દિલ્હી,તા.૦૮



કેન્દ્ર સરકારે આવકવેરા બિલ ૨૦૨૫ લોકસભામાંથી પાછું ખેંચી લીધું છે. બિલની તપાસ માટે રચાયેલી પસંદગી સમિતિના રિપોર્ટ પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ બિલ ફેબ્રુઆરીમાં લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે નવું બિલ ૧૧ ઓગસ્ટના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવશે. કેન્દ્ર સરકારે ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ લોકસભામાં આવકવેરા બિલ ૨૦૨૫ રજૂ કર્યું. બિલની તપાસ માટે ભાજપના સાંસદ બૈજયંત પાંડાની આગેવાની હેઠળ ૩૧ સભ્યોની સિલેક્ટ કમિટીની રચના કરવામાં આવી હતી. સમિતિએ બિલની તપાસ કરી અને ૨૮૫ સૂચનો આપ્યા. સમિતિએ ૨૧ જુલાઈ ૨૦૨૫ના રોજ લોકસભામાં પોતાનો અહેવાલ રજૂ કર્યો. સિલેક્ટ કમિટીની લગભગ બધી ભલામણોને કેન્દ્ર સરકારે સ્વીકારી લીધી છે. કેટલાક સૂચનો પણ પ્રાપ્ત થયા છે જેને યોગ્ય કાયદાકીય અર્થ આપવા માટે સામેલ કરવાની જરૂર છે.

# આક્ષેપો બાદ સોંગદનામા પર સહિ કરવામાં રાહુલ ગાંધીને કોઈ સમસ્યા હોવી જોઈએ નહી : ચૂંટણી પંચનો જવાબ

નવીદિલ્હી,તા.૮

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા સતત ચૂંટણી પંચ પર મત ચોરીનો આરોપ લગાવ્યા બાદ રાજકારણ ગરમાયું છે. રાહુલ ગાંધી દરેક મંચ પર ચૂંટણી પંચ પર ઘણા ગંભીર આરોપો લગાવતા જોવા મળે છે. તે જ સમયે, હવે ચૂંટણી પંચના સૂત્રોએ પણ રાહુલ ગાંધીના આ આરોપનો જોરદાર જવાબ આપ્યો છે. ચૂંટણી પંચના સૂત્રોએ કહ્યું છે કે જો રાહુલ ગાંધી તેમના વિશ્લેષણમાં વિશ્વાસ રાખે છે અને માને છે કે ચૂંટણી પંચ સામેના તેમના આરોપો સાચા છે, તો તેમને સોગંદનામા પર સહી કરવામાં કોઈ સમસ્યા ન હોવી જોઈએ. ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે જો રાહુલ ગાંધી સોગંદનામા પર સહી નહીં કરે, તો તેનો અર્થ એ થશે કે તેઓ તેમના વિશ્લેષણ, તેના તારણો અને વાહિયાત આરોપોમાં વિશ્વાસ રાખતા નથી. આવી સ્થિતિમાં, તેમણે દેશની માફી માંગવી જોઈએ. તેથી, તેમની પાસે બે વિકલ્પો છે, કાં તો સોગંદનામા પર સહી કરે અથવા ચૂંટણી પંચ સામે વાહિયાત આરોપો કરવા બદલ દેશની માફી માંગે. તે જ સમયે, ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ૧ ઓગસ્ટના રોજ બિહાર મતદાર યાદીના ડ્રાફ્ટના પ્રકાશન પછી, કોઈપણ રાજકીય પક્ષે નામ ઉમેરવા અથવા દૂર કરવાની વિનંતી સાથે પંચનો સંપર્ક કર્યો નથી. આવી સ્થિતિમાં, ચૂંટણી પંચ સામે કોઈ ગંભીર આરોપો લગાવવા યોગ્ય નથી.

# મુખ્યમંત્રીની દેખરેખમાં ઉત્તરકાશીના ધારાલી અને હર્ષિલમાં ચોથા દિવસે પણ બચાવ કામગીરી પૂરજોશમાં

ધારાલી,તા.૮



ઉત્તરાકાશીના ધારાલી અને હર્ષિલમાં આજે પણ સેના, એનડીઆરએફ, એસડીઆરએફ અને અન્ય એજન્સીઓનું બચાવ કાર્ય ચાલુ છે. ધારાલી-હર્ષિલમાં વાદળ ફાટ્યા બાદ અચાનક આવેલા પૂરમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. બચાવ કાર્ય માટે હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે અને લોકોને માટલી હેલિપેડ પર લાવવામાં આવી રહ્યા છે. પૂરમાં ફસાયેલા લોકોને તેમના ગંતવ્ય સ્થાન સુધી સુરક્ષિત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

# સંરક્ષણ મંત્રીની અમેરિકાની મુલાકાત રદ, યુએસ શસ્ત્રો, વિમાનની ખરીદી પર બ્રેક

નવીદિલ્હી,તા.૮

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૨૫% વધારાના ટેરિફ પછી, કેન્દ્ર સરકાર બદલો લેવાના મૂડમાં હોય તેવું લાગે છે. સમાચાર એજન્સી રોઈટર્સના અહેવાલ મુજબ, કેન્દ્રએ નવા યુએસ શસ્ત્રો અને વિમાન ખરીદવાની તેની યોજના પર રોક લગાવી દીધી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતના નિકાસ પર લાદવામાં આવેલા ટેરિફ પછી ભારતમાં અસંતોષનો આ પહેલો નક્કર સંકેત છે. યુએસ રાષ્ટ્રપતિના આ પગલાથી બંને દેશો વચ્ચેના સંબંધો નીચા સ્તરે આવી ગયા છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ થોડા સમય પછી અમેરિકાના પ્રવાસે જવાના હતા. આવી સ્થિતિમાં, ભારત દ્વારા કેટલીક સંરક્ષણ ખરીદીઓની જાહેરાત કરવાની હતી. અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે ખરીદી રોકવા માટે લેખિત સૂચનાઓ આપવામાં આવી નથી.

# યુપીના શ્રી બાંકે બિહારી જી મંદિર ટ્રસ્ટ વટહુકમ દ્વારા રચાયેલી સમિતિને સુપ્રીમ કોર્ટ સસ્પેન્ડ કરશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮

સુપ્રીમ કોર્ટે શુક્રવારે બાંકે બિહાર મંદિર કેસની સુનાવણી દરમિયાન કહ્યું કે તેઓ ટૂંક સમયમાં ઉત્તર પ્રદેશ શ્રી બાંકે બિહારી જી મંદિર ટ્રસ્ટ વટહુકમ દ્વારા નિમણૂક સમિતિને સસ્પેન્ડ કરવાનો આદેશ પસાર કરશે. આ સમિતિ બાંકે બિહારી મંદિરના સંચાલન માટે બનાવવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેઓ અરજદારોને



ઉત્તર પ્રદેશ સરકારના વટહુકમની બંધારણીય માન્યતાને પડકારવા માટે હાઈકોર્ટમાં જવા કહેશે. જ્યાં સુધી હાઈકોર્ટ આ મામલે પોતાનો ચુકાદો જાહેર ન કરે ત્યાં સુધી વટહુકમ દ્વારા રચાયેલી સમિતિ સસ્પેન્ડ રહેશે. દરમિયાન, મંદિરના વહીવટને સુનિશ્ચિત કરવા માટે, કોર્ટે કહ્યું કે તે હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશના નેતૃત્વમાં બીજી સમિતિની રચના કરશે. સમિતિમાં સરકારી અધિકારીઓ અને મંદિરના પરંપરાગત રક્ષકો, ગોસ્વામીઓના પ્રતિનિધિઓનો પણ સમાવેશ થશે.

# ઈઝરાયલના સુરક્ષા મંત્રીમંડળે મોટો નિર્ણય લીધો, ગાઝા કબજે કરવાની યોજનાને મંજૂરી આપી

(એચ.એસ.એલ),ગાઝા,તા.૮



ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ છે. યુદ્ધ વચ્ચે ઈઝરાયલે મોટો નિર્ણય લીધો છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે જણાવ્યું હતું કે ઈઝરાયલના સુરક્ષા મંત્રીમંડળે ગાઝા શહેર કબજે કરવાની યોજનાને મંજૂરી આપી છે. આ નિર્ણય શુક્રવારની વહેલી સવારે લેવામાં આવ્યો છે. ગુરુવારે શરૂ થયેલી અને રાતભર ચાલેલી સુરક્ષા કેબિનેટની બેઠક પહેલાં, નેતન્યાહૂએ કહ્યું હતું કે ઈઝરાયલ સમગ્ર પ્રદેશ પર ફરીથી નિયંત્રણ મેળવવા અને તેને હમાસ વિરોધી મૈત્રીપૂર્ણ આરબ દળોને સોંપવાની યોજના ધરાવે છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં હજારો લોકો પહેલાથી જ માર્યા ગયા છે. ગાઝાનો મોટો ભાગ નાશ પામ્યો છે અને લોકોને અહીં મૂળભૂત સુવિધાઓ પણ મળી શકતી નથી. આ બધા વચ્ચે, ગાઝામાં ઈઝરાયલી હુમલાઓ ચાલુ છે. આજે તે ગાઝાના એવા થોડા વિસ્તારોમાંનો એક છે જ્યાં ઈઝરાયલી બફર ઝોન બનાવવામાં આવ્યો નથી અને ત્યાંથી લોકોને બહાર કાઢવાનો આદેશ પણ આપવામાં આવ્યો નથી. આ દરમિયાન, અમે તમને અહીં એ પણ જણાવી દઈએ કે તાજેતરમાં ઈઝરાયલે બંધકોને મુક્ત કરવાની માંગ કરી હતી.

# વર્તમાન પરિસ્થિતિઓને કારણે ભારત સાથે વેપાર વાટાઘાટો આગળ વધારવામાં આવશે નહીં : ડોનાલ્ડ ટ્રમ્પ

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૮



ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલ ટેરિફ વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે વર્તમાન પરિસ્થિતિઓમાં ભારત સાથે કોઈ વેપાર વાટાઘાટો થશે નહીં. ગુરુવારે વ્હાઈટ હાઉસ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, ટ્રમ્પને પૂછ્યું કે શું તેઓ ભારત પર ૫૦ ટકા ટેરિફની જાહેરાત કર્યા પછી વેપાર વાટાઘાટો આગળ વધવાની અપેક્ષા રાખે છે? ડોનાલ્ડ ટ્રમ્પે આ પ્રશ્નનો જવાબ આપ્યો - ના. ટ્રમ્પે કહ્યું, "જ્યાં સુધી અમે આનો ઉકેલ નહીં લાવીએ ત્યાં સુધી ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાટાઘાટો આગળ વધશે નહીં." તમને જણાવી દઈએ કે ડોનાલ્ડ ટ્રમ્પે ગયા મહિને ૩૦ જુલાઈએ ભારત પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ સાથે, તેમણે કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને લશ્કરી સાધનો ખરીદે છે, જેના માટે ભારત પર અલગથી દંડ કરવામાં આવશે. ત્યારબાદ, ટ્રમ્પે ૬ ઓગસ્ટે રશિયા સાથે વેપાર કરવા બદલ ભારત પર વધારાના ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી. ત્યારબાદ અમેરિકા દ્વારા ભારત લાદવામાં આવેલ કુલ ટેરિફ વધીને ૫૦ ટકા થઈ ગયો. ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ગૌણ પ્રતિબંધો લાદવાની પણ વાત કરી છે. અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યા પછી, પીએમ મોદીએ કહ્યું કે ભારત તેના ખેડૂતોના હિત સાથે સમાધાન કરશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે ખેડૂતોનું હિત ભારતની ટોચની પ્રાથમિકતા છે.

# મોરબીમાં ગમખ્વાર અકસ્માતમાં ૪ના મોત, ૫ વિદ્યાર્થીઓ ઘાયલ

મોરબી,તા.૮

મોરબીમાં સૂરજબારી પુલ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં ૪ના કરૂણ મોત નિપજ્યા છે. કારમાં સવાર બે વિદ્યાર્થીઓ અને ટ્રક ડ્રાઈવર અને ક્લીનરના મૃત્યુ થયા છે. કારમાં સવાર ૫ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. ૭ વિદ્યાર્થીઓ જૂનાગઢમાં આહિર બોર્ડિંગમાં અભ્યાસ કરતા હતા, જેઓ સાતમ-આઠમના તહેવાર નિમિત્તે પોતાના વતન ગાંધીધામ જઈ રહ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, મોરબીમાં સુરજબારી પુલ પર એક ટેન્કર પલટી જતાં પાછળ આવતું ટેન્કર લેન બદલવા જતું હતું, તે દરમિયાન પાછળ આવતી અર્ટીગા કાર ધડાકાભેર અથડાતાં ગંભીર અકસ્માત થયો. હાલ ટ્રક ડ્રાઈવર અને ક્લીનરની ઓળખ કરવા માટેની તપાસ ચાલુ છે. મૃતકોના મૃતદેહને પંચનામું કર્યા બાદ પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા. માળીયા મીયાણા તાલુકાના હરીપર ગામથી આગળના ભાગમાં સૂરજબારી પુલ પહેલા કન્ટેનર પલ્ટી મારી ગયું હતું, જેમાં ટ્રેલર અથડાયું હતું અને તેની સાઈડમાં અર્ટીગા ગાડી અથડાઈ હતી. આ ત્રિપલ અકસ્માતના બનાવની અંદર વાહનોમાં આગ લાગતા અર્ટીગા ગાડીમાં બેઠેલા બે વિદ્યાર્થીઓ તેમજ ટ્રેલરના ડ્રાઈવર સહિત કુલ ચાર વ્યક્તિઓ ભડથું થઈ ગયા હતા અને સાત વ્યક્તિઓને નાના મોટી ઈજા થઈ છે. આ બનાવની માળિયા તાલુકા પોલીસને જાણ થતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને અકસ્માત થયેલ વાહનોને રોડ સાઈડમાં ખસેડીને ટ્રાફિક ક્લિયર



કરાવ્યો હતો. મોરબી કચ્છ હાઈવે રોડ ઉપર રાત્રિના ૧૧ વાગ્યાના અરસામાં માળિયાના હરીપર ગામની ગોળાઈથી આગળના ભાગમાં સૂરજબારી પુલ પહેલા અકસ્માતનો બનાવ બન્યો હતો અને આ બનાવમાં ટ્રેલર અને અર્ટીગા કારમાં આગ લાગી જવાના કારણે કારમાં બેઠેલા લોકો પૈકી બે બાળક તેમજ ટ્રેલરના ડ્રાઈવર અને ક્લિનરનું આગમાં ભડથુ થઈ જવાના કારણે મોત નિપજ્યું હતું. ત્યારબાદ મૃતકોના મૃતદેહને પીએમ માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જોકે અર્ટીગા કારમાં બેઠેલા સાત જેટલા વ્યક્તિઓને નાની મોટી ઈજા થયેલ હોવાના કારણે તે ઈજાગ્રસ્તોને સામખયાળી ખાતે આવેલ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. સ્થાનિકોએ જણાવ્યું કે, કન્ટેનર રોડમાં પલટી મારી ગયું હતું અને રોડ ઉપર પલટી મારી ગયેલા કન્ટેનરની પાછળના ભાગમાં ટ્રેલર અથડાતા અકસ્માત થયો હતો અને ત્યારબાદ તેની પાછળના ભાગમાં રહેલ અર્ટીગા ગાડી ટેન્કર સાથે અથડાતા ત્રિપલ અકસ્માતનો બનાવ બન્યો હતો. જે બનાવમાં કારમાં જૂનાગઢથી કચ્છના ગાંધીધામ બાજુ જઈ રહેલા વિદ્યાર્થીઓ સહિત કુલ નવ લોકો બેઠેલા હતા. આ બનાવમાં આગ લાગવાની ઘટનાના કારણે કારમાં બેઠેલા વિદ્યાર્થી પૈકી બે વિદ્યાર્થી તેમજ ટ્રેલરના ડ્રાઈવર અને ક્લીનરનું મોત નિપજ્યું છે. મૃતકોના નામ જેમાં રુદ્ર ગોપાલભાઈ ગુજરીયા (ઉંમર ૧૫ વર્ષ) મીઠી રોહર ગાંધીધામ, જૈમીન જગદીશભાઈ બાબરીયા (ઉંમર ૧૭ વર્ષ) રહે મીઠી રોહર ગાંધીધામ, શિવરામ મંગલરામ નાઈ, રહે બિકાને રાજસ્થાન વાળો, એક વ્યક્તિની ઓળખ કરવાની બાકી છે. રક્ષાબંધન અને આગામી દિવસોમાં સાતમ આઠમના તહેવારનું વેકેશન પડ્યું હોવાથી જૂનાગઢ ખાતે આહીર બોર્ડિંગ ખાતે રહીને અભ્યાસ કરતા કચ્છ બાજુના આહીર સમાજના આઠ વિદ્યાર્થીઓ અને એક ડ્રાઈવર આમ કુલ નવ વ્યક્તિઓ કારમાં ગાંધીધામ તરફ જઈ રહ્યા હતા. ત્યારે અકસ્માતનો આ બનાવ બન્યો છે. જેમાં બે વિદ્યાર્થી સહિત કુલ ચાર વ્યક્તિઓના મોત નિપજ્યા છે.

## અરવલ્લીમાં ગુજરાત-રાજસ્થાન સરહદના ભેંસલા નજીક અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત

અરવલ્લી,તા.૮

અરવલ્લી જિલ્લામાં ગુજરાત-રાજસ્થાન સરહદ નજીક ભેંસલા નજીક એક ભયાનક અકસ્માત થયો. બાઈક અને ઈકો કાર વચ્ચે થયેલી ટક્કરમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા. મૃતકોમાં બે બાઈક સવાર અને ઈકો કારના ડ્રાઈવરનો સમાવેશ થાય છે. અકસ્માત એટલો ગંભીર હતો કે ઈકો કાર રસ્તાની બાજુમાં આવેલા નાળામાં પડી ગઈ. એવું જાણવા મળ્યું છે કે મૃતક બાઈકસવાર અને ઘાયલો અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મુલોજ ગામના રહેવાસી હતા. આ ઘટનામાં ઘાયલોને તાત્કાલિક રાજસ્થાનની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. રાજસ્થાન પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ઘટનાની માહિતી મળતા જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

## ૧૫,૦૦૦ ખેડૂતોને પાક વીમાની રકમ વ્યાજ સહિત ચૂકવવા ગુજરાત હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ,તા.૮

ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૭-૧૮ના ખરીફ પાકના નુકસાન અંગે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે એસબીઆઈ વીમા કંપનીને ૧૫,૦૦૦ પાત્ર ખેડૂતોને પાક વીમાની રકમ ૮% વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ કુલ રકમ સાત કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. આમ છ વર્ષની લાંબી કાનૂની લડાઈ બાદ, ગુજરાતના ખેડૂતોને આખરે [illegible] રાહત મળી છે. આ કેસમાં, સરકારે એક સમિતિની રચના કરી હતી, જેણે ખેડૂતોને થયેલા નુકસાનની તપાસ કરી હતી. સમિતિના અહેવાલમાં ખેડૂતોને વળતર આપવાની ભલામણ કરવામાં




આવી હતી. હાઈકોર્ટે આ અહેવાલ સ્વીકાર્યો અને વીમા કંપનીના વાંધાઓને ફગાવી દીધા. વીમા કંપનીએ દાવો કર્યો હતો કે સરકાર સાથેના કરાર મુજબ, તે આ ચુકવણી માટે જવાબદાર નથી. જોકે, હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે વીમા કંપની અને સરકાર વચ્ચેના કરારથી ખેડૂતોને કોઈ નુકસાન ન થવું જોઈએ. કોર્ટે કહ્યું કે ખેડૂતોએ સમયસર પ્રીમિયમ ચૂકવ્યું છે અને તેમને વીમાનો લાભ મળવો જોઈએ. આ નિર્ણય સાથે, વ્યક્તિગત દાવા દાખલ કરવાનો વિકલ્પ પણ ખુલ્યો છે જેમણે વ્યક્તિગત રીતે દાવા દાખલ કર્યા હતા. આ નિર્ણયથી રાજ્યના હજારો ખેડૂતોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે અને આશા છે કે ભવિષ્યમાં ખેડૂતોને આવા કેસોમાં ઝડપી ન્યાય મળશે.

## રાજકોટને હાઈકોર્ટની બેન્ચ આપવામાં આવે તેવી ફરી માંગ ઉઠી

રાજકોટ,તા.૦૮

વર્ષ ૧૯૮૩માં ૬ માસ સુધી ચાલેલા આંદોલન બાદ સમયાંતરે કરવામાં આવતી માગ ફરી ઉઠી છે અને ૨૭ સિનિયર વકીલોએ કમિટી બનાવી ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજકોટને પણ સર્કિટ બેંચ આપે તેવી માગ કરી છે. રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ પરેશભાઈ મારૂ, ઉપપ્રમુખ સુમિતભાઈ વોરા, સેક્રેટરી સંદીપભાઈ વેકરીયા સહિતના હોદેદારો અને વકીલોની એક બેઠક મળી હતી, જેમાં વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ અને તજજ્ઞ વકીલો સાથેની ૨૭ એડવોકેટની એક કમિટી રચવામાં આવી છે. ગુજરાત રાજ્યની સ્થાપના પહેલાં સૌરાષ્ટ્ર જ્યારે રાજ્યનો દરજ્જો ધરાવતું હતું, ત્યારે સૌરાષ્ટ્ર હાઈકોર્ટ બેન્ચ ધરાવતું હતું અને આ બેન્ચ રાજકોટમાં બેસતી હતી.

## રાજ્યમાં તા. ૧૫થી ૨૧ ઓગષ્ટ વચ્ચે વરસાદનું જોર વધવાની આગાહી

**રાજ્યમાં તાપમાનનો પારો ઉંચકાયો**

અમદાવાદ,તા.૦૮

હવામાન વિભાગ દ્વારા આગામી ૭ દિવસ રાજ્યમાં વરસાદને લઈને આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ સામાન્ય વરસાદની આગાહી કરવામાં



આવી છે. માછીમારો માટે હમણાં કોઈ એલર્ટ આપવામાં આવ્યું નથી. એ સિવાય પવનની દિશા દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમની રહેશે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર, ૧૫થી ૨૧ ઓગસ્ટ વચ્ચે વરસાદનું જોર વધવાની શકયતા છે. એ સમયગાળા દરમિયાન સામાન્યથી વધુ વરસાદ રહેવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આજે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદની પડવાની શક્યતા છે. અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૫.૪ ડિગ્રી સેલ્સિયસ અને ન્યૂનતમ તાપમાન ૨૬.૨ ડિગ્રી સેલ્સિયસ રહેશે.

## ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર સપ્ટેમ્બરમાં યોજાશે : ત્રણ દિવસ ચર્ચાથી ગૃહ ગુંજશે

ગાંધીનગર,તા.૮

લોકસભાનું ચોમાસું સત્ર ચાલી રહ્યું છે. લોકસભાના ચોમાસા સત્રમાં શાસક અને વિપક્ષના આક્ષેપો પ્રતિ આક્ષેપો સામે ધમાકેદાર ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. હવે આવનારા દિવસોમાં એટલે કે, સપ્ટેમ્બર મહિનામાં ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર પણ મળવાનું છે. ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનું ટૂંકું સત્ર સપ્ટેમ્બર મહિનામાં યોજાવવાનું છે. આગામી સપ્ટેમ્બર મહિનાની તારીખ ૮, ૯ અને ૧૦ એમ ત્રિ-દિવસીય ચોમાસું સત્ર યોજવાનું છે. આ ત્રિ દિવસીય ચોમાસું સત્રમાં ગૃહમાં અનેક વિષયો ઉપર



ચર્ચા મંથનો થવાના છે. આગામી આયોજિત ચોમાસું સત્ર અંગેની વાત કરતા વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ૧૫મી વિધાનસભાના સાતમા સત્રનું આહ્વાન કર્યું છે. આ ચોમાસું સત્ર ત્રણ દિવસ માટે બોલાવવામાં આવ્યું છે. આ સત્રમાં ધારાસભ્યો પ્રશ્નો પૂછી શકે તે માટે આજથી ૨૦ ઓગસ્ટ સુધી તેમના પ્રશ્નો મોકલી શકે તે માટેનું ફરમાન કરવામાં આવ્યું છે. ત્રણ દિવસના ચોમાસું સત્રમાં જીએસટી સુધારા વિધાયક તેમજ ફેક્ટરી એકટ સુધારા વિધાયક પણ વિધાનસભામાં રજૂ થવાના છે.

## વલ્લભીપુરના કાળાતળાવ ગામમાં વૃદ્ધ ખેડૂત પર હુમલો : પાટીદાર સમાજમાં રોષ

ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકામાં આવેલા કાળાતળાવ ગામમાં ગુરુવાર, ૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યે એક ચોંકાવનારી ઘટના બની, જેણે સમગ્ર પંથકમાં રોષ ફેલાવ્યો છે. ૭૪ વર્ષીય વૃદ્ધ ખેડૂત અરજણભાઈ રામજીભાઈ દિયોરા પર ત્રણ અસામાજિક તત્વો-રાજુ ઉલવા, નાથા રબારી અને મામેયા રબારીએ કોદાળી અને લાકડીથી નિર્દય હુમલો કર્યો હતો. આ ઘટનાએ ગામલોકોમાં આક્રોશ ઉભો કર્યો છે, અને પાટીદાર સમાજે ન્યાયની માગ સાથે એક મોટી જાહેરસભા યોજી હતી. અરજણભાઈ દિયોરા, જેઓ ધોરણ ૬ સુધી ભણેલા છે અને તેમની પત્ની





સાથે કાળાતળાવ ગામમાં રહે છે, તેઓ લિંડિયા નદીમાંથી ટ્રેક્ટરમાં માટી ભરાવી રહ્યા હતા. આ દરમિયાન નાથાભાઈ ભીમાભાઈ ઉલવાએ તેમને માટી ભરવાની ના પાડી અને અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને કહ્યું, ''આ માટી તારા બાપની છે? કેમ ભરે છે?'' અરજણભાઈએ જવાબ આપ્યો કે આ જાહેર નદી છે, જેમાંથી કોઈપણ માટી ભરી શકે છે. આ વાતથી રાજુ ઉલવા ઉશ્કેરાઈ ગયો અને તેણે કોદાળીના હાથાથી અરજણભાઈ પર હુમલો કર્યો. રાજુએ તેમના જમણા પગે, બંને પગની પિંડી, બંને પગના સાથળ અને જમણા ખભા પર આડેધડ માર માર્યો. આ દરમિયાન નાથાભાઈએ પણ લાકડીથી અરજણભાઈની પીઠ પર હુમલો કર્યો.

## ગોપાલ ઈટાલીયાએ અનાજ કૌભાંડનો આરોપ તો લગાવ્યો પણ આરોપી આપનો નેતા જ નીકળ્યો

અમદાવાદ,તા.૮

વિસાવદરમાં અનાજ કૌભાંડ મામલામાં નવો વળાંક આવ્યો છે. આપના નેતા ગોપાલ ઈટાલીયાએ અનાજ કૈભાંડમાં લગાવેલા આરોપ બાદ ભાજપે તપાસમાં સામો આરોપ લગાવ્યો છે. ભાજપે આરોપ લગાવ્યો છે કે અનાજ કૌભાંડનો આરોપી આપ નેતા છે. ભાજપે કહ્યું હતું કે અનાજ માફિયા રઝાક જુસા પરમાર આપનો નેતા છે. વિસાવદરના અનાજ કૌભાંડ મામલે ઈટાલીયાએ આરોપો લગાવ્યા





હતા અને આ આક્ષેપ બાદ પુરવઠા વિભાગે તપાસ હાથ ધરી હતી. તપાસમાં રઝાકના ઘરેથી અનાજનો જથ્થો મળ્યો હતો. ભાજપના પ્રવક્તા યગ્નેશ દવેએ હવે આરોપ લગાવ્યો છે કે ગોપાલ ઈટાલીયા ચોરને છાવરવા માટે વિરોધ કરી રહ્યા હતા. આપના નેતા રઝાક પાસેથી ૩.૪૦ લાખની કિંમતનો અનાજનો જથ્થો પકડાયો છે.








